પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૫૦, કુલ પાના:૪, તારીખ: ૨૦-૧૦-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 50 PRICE :-RS. 1.50 DATE : 20-10-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ફરી એકવાર ઉત્તરાખંડમાં તબાહી જોવા મળી : અનેક યાત્રાળુઓ ફસાયા

દહેરાદૂન,

બદ્રીનાથ રાષ્ટ્રીય રાજમાર્ગથી પણ એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. ભારે વરસાદ બાદ લામબગડ નાળામાં ફસાયેલી એક કારમાં સવાર લોકોને બીઆરઓએ બચાવ્યુ. ખરાબ મોસમને જોતા ચારધામ યાત્રા રોકી દેવાઈ છે. પહાડ ક્રેક થવાના કારણે બદ્રીનાથ માર્ગ છ જગ્યા પર પ્રતિબંધ છે. નૈનીતાલમાં ૨૪ કલાકમાં ૧૫૦ મિલીમીટરથી વધારે વરસાદ થયો છે. ભારે વરસાદના કારણે તમામ ૬૨ નાળા તોફાને ચડ્યા છે. નૈનીતાલ નજીક વીરભટી મોટર પુલ નજીક કેટલીક કાર અને ટ્રક કાટમાળમાં દફન થઈ ગયા. રાજ્યમાં કુદરતના કહેરને જોતા ધામી સરકાર એલર્ટ છે.



દેહરાદૂનમાં સીએમ પુષ્કર સિંહ ધામી પોતે જ મોર્ચો સંભાળતા ગઈ રાતે ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ પહોંચી ગયા. અધિકારીઓની સાથે વાત કરી. રાહત અને બચાવ એસડીઆરએફની ૨૯ ટીમોને પ્રદેશના અલગ-અલગ જિલ્લામાં મોકલવામાં આવ્યા છે.ચોમાસા બાદ સતત વરસી રહેલા વરસાદે કેટલાક રાજ્યોના જનજીવનને ખોરવી દીધુ છે. આની સૌથી વધારે અસર દક્ષિણના કેરળ અને ઉત્તરાખંડમાં જોવા મળી રહી છે. હવામાન વિભાગે ઉત્તરાખંડ માટે આજે રેડ એલર્ટ જારી કર્યુ છે. રાજ્ય માટે આગામી ૨૪ કલાક ઘણા મહત્વપૂર્ણ છે. ઉત્તરાખંડમાં વરસાદથી આવેલી તબાહીમાં અત્યાર સુધી ૫ લોકોના મોત થઈ ચૂક્યા છે. ચમોલી ક્ષેત્રમાં ભારે વરસાદના કારણે નંદાકિની નદીમાં પૂર આવી ગયુ છે. નદીના જળ સ્તરમાં ઝડપથી વૃદ્ધિ થઈ રહી છે. ગંગાના તોફાનથી ઋષિકેશમાં તમામ ઘાટ જળમગ્ન થયા છે. કેદારનાથથી પાછા ફરતા સમયે ભારે વરસાદના કારણે સોમવારે જંગ ચટ્ટીમાં ફસાયેલા લગભગ ૨૨ લોકોને SDRF અને પોલીસે રેસ્ક્યુ કરી દીધુ છે. આ તમામ લોકોને ગૌરીકુંડ શિફ્ટ કરી દેવાયા છે. જેમાંથી ૫૫ વર્ષના એક શ્રદ્ધાળુ જેમને ચાલવામાં મુશ્કેલી હતી, સ્ટ્રેચર દ્વારા શિફ્ટ કરવામાં આવ્યુ.

## ઉત્તરાખંડમાં ફસાયેલા ગુજરાતના યાત્રાળુ માટે હેલ્પલાઈન જાહેર

ઉત્તરાખંડ,

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તરાખંડમાં કુદરતી સંકટ અને વરસાદને કારણે ગુજરાતના જે યાત્રિકો ત્યાં ફસાઈ ગયા છે તેમને જરૂરી મદદ સહાય માટે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંગ ધામીજી સાથે ટેલીફોનીક વાતચીત કરી હતી. ગુજરાત ના જે યાત્રિકો ત્યાં ફસાયેલા છે તેમનો સંપર્ક થઈ શકે અને અન્ય માહિતી મેળવી શકાય તે માટે ગુજરાત સરકાર દ્વારા ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના હેલ્પ લાઈન નંબર જાહેર કરવામાં આવ્યા છે. જેના પર ઉત્તરાખંડમાં અટવાયેલા ગુજરાતના યાત્રિકોના સગા સંબંધીઓ, સ્નેહીજનો વિગતો આપી તેમજ મેળવી શકશે. જણાવી દઈએ કે રૂદ્રપ્રયાગ નજીક કેટલાક વાહનો પર પહાડનો મોટો હિસ્સો તૂટીને પડ્યો છે. ઉત્તરાખંડમાં ભારે વરસાદ, ભૂસ્ખલનને પગલે સલામતીના કારણોસર ચારધામ યાત્રા અટકાવવામાં આવી છે. પવિત્ર ચારેય ધામ બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમુનોત્રીમાં દેશભરના ૧૦ હજાર શ્રદ્ધાળુ ફસાયા છે. હવામાન વિભાગે ઉત્તરાખંડમાં ત્રણ-ચાર દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્ય સરકારે માર્ગો અને હેલિકોપ્ટરની સેવા બંધ કરી છે. જેથી યાત્રાળુઓને હોટલમાં જ પુરાઈ રહેવાની ફરજ પડી છે.ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને ઠેર-ઠેર ભૂસ્ખલનને પગલે ચારધામ યાત્રા બંધ કરવામાં આવી છે. આવામાં ગુજરાતના ઘણા યાત્રાળુઓ અહીં ફસાયા હોવાની માહિતી સામે અવી છે. જણાવી દઈએ કે ગુજરાતના હજારો પ્રવાસીઓ ચારધામ યાત્રામાં ફસાયા છે. ઉત્તરકાશીમાં મોટાભાગના ગુજરાતી યાત્રાળુ અટવાયા હોવાની માહિતી સામે આવી છે. ઉત્તરાખંડ સરકારે પ્રવાસીઓને સલામત સ્થળે ખસેડયા છે. ત્યારે અમદાવાદના મણિનગરનો એક પરિવાર નેતાલામાં સલામત છે, તો બીજી તરફ રાજકોટના ૧૮૦ યાત્રાળુ ગંગોત્રી જતા સમયે રસ્તામાં ફસાયા. ત્યારે ઉત્તરકાશીથી ગંગોત્રી જતા રોડ પર નેતાલામાં તમામ યાત્રાળુઓ સલામત હોવાની વિગત હાલમાં સામે આવી છે. તો બીજી તરફ ફસાયેલા યાત્રાળુઓનો સલામતીને લઈને ગુજરાત સરકાર પણ કાર્યરત થઈ છે. ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે ઉત્તરાખંડના ઝસ સાથે આ અંગે વાત કરી. ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ફસાયેલા પ્રવાસીઓને લઈ ચિંતા વ્યક્ત કરી છે. તો ગુજરાતના પ્રવાસન પ્રધાન પૂર્ણેશ મોદીનું નિવેદન સામે આવ્યું છે. મંત્રીએ કહ્યું કે ગુજરાતના તમામ ચારધામ યાત્રાળુઓ સલામતઃ છે. અમદાવાદ, સુરત, રાજકોટના ફસાયેલા યાત્રાળુ અંગે માહિતી મેળવી છે. સાથે રૂદ્રપ્રયાગના સ્થાનિક અધિકારીઓ સાથે અમે સંપર્કમાં છીએ. પૂર્ણેશ મોદીએ કહ્યું કે સાંજ સુધી રસ્તા ખુલતા પ્રવાસીઓ પરત ફરી શકશે.

## વૈશ્વિક તેલ અને ગેસ ક્ષેત્રના CEO સાથે મોદીની કોન્ફરન્સ

નવી દિલ્હી,

ભારત તેની તેલની ૮૫ ટકા માંગ અને કુદરતી ગેસની ૫૫ ટકા જરૂરિયાતોને પૂરી કરવા માટે આયાત પર નિર્ભર છે. ભારતનું ઘરેલું તેલનું ઉત્પાદન ઘટી રહ્યું છે, ગેસનું ઉત્પાદન વધ્યું છે. ભારતનું સ્થાનિક ઉર્જા ઉત્પાદન ઓછું રહ્યું છે, જે દેશની ઉર્જા સુરક્ષા માટે સારું નથી. ભારતનું ક્રૂડ ઓઈલ અને ઓઈલ અને ગેસનું ઉત્પાદન છેલ્લા નાણાકીય વર્ષમાં અનુક્રમે ૫.૨૨ ટકા અને ૮.૦૬ ટકા ઘટ્યું છે.વડા પ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે ૨૦ ઓક્ટોબરે વીડિયો કોન્ફરન્સ દ્વારા વૈશ્વિક તેલ અને ગેસ ક્ષેત્રના સીઈઓ અને નિષ્ણાતો સાથે વાતચીત કરશે. વડાપ્રધાન કાર્યાલય એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ છઠ્ઠી વાર્ષિક બેઠક છે, જે ૨૦૧૬ માં શરૂ થઈ હતી. તેમાં



તેલ અને ગેસ ક્ષેત્રના વૈશ્વિક નેતાઓનો સમાવેશ થાય છે, જેઓ આ ક્ષેત્રના મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરે છે અને ભારત સાથે સહકાર અને રોકાણના સંભવિત ક્ષેત્રો અંગે વિચાર-વિમર્શ કરે છે. નિવેદનમાં કહેવામાં આવ્યી છે કે વડાપ્રધાન મોદી ૨૦ ઓક્ટોબરે સાંજે ૬ વાગ્યે વીડિયો કોન્ફરન્સ દ્વારા વૈશ્વિક તેલ અને ગેસ ક્ષેત્રના CEO તેમજ નિષ્ણાતો સાથે વાતચીત કરશે. આ વાતચીતની વ્યાપક થીમ સ્વચ્છ વૃદ્ધિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવાની છે. PMOના જણાવ્યા અનુસાર, વાતચીત દરમિયાન, ભારતમાં હાઈડ્રોકાર્બન ક્ષેત્રમાં સંશોધન અને ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા, ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા, ગેસ આધારિત અર્થતંત્ર, સ્વચ્છ અને ઉર્જા કાર્યક્ષમ ઉકેલો દ્વારા ઉત્સર્જનમાં ઘટાડો, ગ્રીન હાઈડ્રોજન અર્થતંત્ર અને બાયોફ્યુઅલ ઉત્પાદન વધારવા જેવા ક્ષેત્રો પર ચર્ચા કરવામાં આવશે. નિવેદનમાં જણાવાયું છે કે અગ્રણી બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો અને ટોચની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના ઝઈ અને નિષ્ણાતો ચર્ચામાં ભાગ લેશે. આ પ્રસંગે કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરી પણ ઉપસ્થિત રહેશે. આ વાર્ષિક વાર્ષિક વાર્તાલાપ બેઠક છે, જે વર્ષ ૨૦૧૬ માં શરૂ થઈ હતી. તે વૈશ્વિક સ્તરે તેલ અને ગેસ ક્ષેત્રે અગ્રણી દેશોની ભાગીદારીને ચિહ્નિત કરે છે. આ અગ્રણી દેશો તેલ અને ગેસ ક્ષેત્ર સાથે સંબંધિત મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરે છે અને ભારત સાથે સહકાર અને રોકાણના સંભવિત ક્ષેત્રોની શોધ કરે છે. કોવિડ-૧૯ મહામારી ફાટી નીકળ્યા પછી ગયા વર્ષે એપ્રિલમાં પ્રથમ લહેર દરમિયાન ક્રૂડ ઓઈલના ભાવ ઈન્ડિયન બાસ્કેટ માટે ઘટીને ૧૯.૯૦ ડોલર થઈ ગયા હતા. પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલના ડેટા દર્શાવે છે કે ત્યારથી ભાવમાં વધારો થયો છે અને સપ્ટેમ્બરમાં ૭૩.૧૩ ડોલર પ્રતિ બેરલ રહ્યો છે. ભારતે ૨૦૨૦-૨૧માં ક્રૂડ ઓઈલની આયાત પર ૬૨.૭૧ અબજ ડોલર, ૨૦૧૯-૨૦માં ૧૦૧.૪ અબજ ડોલર અને ૨૦૧૮-૧૯માં ૧૧૧.૯ અબજ ડોલર ખર્ચ્યા છે.

## અમેરિકા ગુગલ એકાઉન્ટની જાસૂસી કરાવે છે

નવી દિલ્હી,

૨૦૨૧ના આરંભ આ જૂથે જાસૂસીનું સોફ્ટવેર ઘુસાડવા યુકેની એક વેબસાઈટને હેક કરી લીધી હતી. આ એવું જૂથ છે જે યુઝર્સને તેઓના જીમેઈ, હોટમેઈલ, અને યાહુના એકાઉન્ટ માટે જરુરી માહિતીની જરુર હોવાના સંદેશા સાથે ઈમેલ મોકલે છે, અને સાથે ચેતવણી આપે છે કે જો માંગવામાં આવેલી માહિતી નહી આપવામાં આવે તો તેઓના એકાઉન્ટ બ્લોક થઈ જશે.અમેરિકાની સરકાર પોતાના દેશના સામાન્ય લોકોના ગુગલ એકાઉન્ટની જાસૂસી કરાવતી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે. સામાન્ય લોકોના કાઉન્ટની જાસૂસી કરવા સરકારે માલવેરનો ઉપયોગ કર્યો હોવાનું કહેવાય છે. ઈન્ટરનેટના જગતમાં મહાકાય ગણાતી ગુગલ કંપનીએ પણ આ સમાચારોની પુષ્ટિ કરી હતી. કંપનીએ કહ્યું હતું કે ૨૦૨૧ના વર્ષમાં તેણે સરકાર દ્વારા પ્રાયોજિત હેકિંગની આ પ્રવૃત્તિ અંગે તેણે પોતાના એવા યુઝર્સને અત્યાર સુધીમાં ૫૦ હજાર જેટલી ચેતવણીઓ મોકલીને તેઓને એલર્ટ કર્યા હતા જેઓના એકાઉન્ટ ઉપર માલવેરનો હુમલો થયો હતો. ગુગલે બહાર પાડેલા પોતાના રિપોર્ટમાં પણ કહ્યું હતું કે ગત વર્ષની તુલનાએ આ વર્ષે સરકાર દ્વારા જાસૂસી કરાવવાની પ્રવૃત્તિમાં ૩૩ ટકાનો ધરખમ વધારો નોંધાયો હતો. કંપનીઓ પોતાના યુઝર્સની પ્રાઈવસીનું સન્માન કરતાં કહ્યું હતું કે તેણે ઈરાદાપૂર્વક યુઝર્સને ચેતવણીઓ મોકલીને એલર્ટ કર્યા હતા જેથી કરીને તેઓ સંભવિત જોખમ સામે ચેતતા રહે, અને હુમલો કરનાર એટેકર્સ તેના યુઝર્સની ડિફેન્સ સ્ટ્રેટેજી (સંરક્ષણાત્મક વ્યૂહરચના)ને ટ્રેક ન કરી શકે. કંપનીએ કહ્યું હતું કે તેનું ટેગ નામનું સોફ્ટવેર દરરોજ વિશ્વના ૫૦ દેશોમાં સરકારનું પીઠબળ ધરાવતા ૨૭૦ જેટલા હુમલાખોર જૂથોને ટ્રેક કરીને તેઓને ઓળખી લીધા છે. કંપનીએ પોતાના બ્લોગપોસ્ટમાં વધુ માહિતી આપતા કહ્યું હતું કે તેણે હુમલાખોર જૂથોના આ પ્રકારના ઘણા પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા જેમાં ઈરાન સરકારનું પીઠબળ ધરાવતા એપીટી-૩૫ નામના ઈરાનિયન ગ્રૂપના તોડી પડાયેલા પ્રયાસોનો સમાવેશ થાય છે. આ ગ્રૂપ અવારનવાર સૌથી વધુ જોખમ ધરાવતા યુઝર્સના એકાઉન્ટ ઉપર બાઝ નજર રાખતું હોય છે. વર્ષો સુધી આ ગ્રૂપે અસંખ્ય લોકોના એકાઉન્ટ હાઈજેક કરી લીધા હતા, તેઓના એકાઉન્ટમાં માલવેર મોકલ્યા હતા અને ઈરાન સરકારના હિતો સાથે સકળાયેલા ષડયંત્રને સફળતાપૂર્વક પાર પાડવા નવતર પદ્ધતિઓ અજમાવી હતી.

## દિલ્હીમાં નરેન્દ્ર મોદી સાથે નીતિન પટેલની અચાનક મુલાકાત

ગાંધીનગર,

નીતિન પટેલને કોઈ રાજ્યના રાજ્યપાલ બનાવવામાં આવશે એવી વાતો વહેતી થઈ હતી, પરંતુ એવી કોઈ બાબત થઈ ન હતી. જોકે આ મુલાકાત બાદ એવી વાત પણ જાણવામાં આવી છે કે તેઓ નીતિન પટેલને કેન્દ્ર સરકારના મહત્ત્વના વિભાગ કે કચેરીમાં હોદ્દો આપે એવી શક્યતા છે. આ તદ્દન ઔપચારિક મુલાકાત હતી. અઠવાડિયા પહેલાં મેં વડાપ્રધાનનો સમય માગ્યો હતો અને તેમણે મને મળવા બોલાવ્યો હતો. અમે બન્નેએ ૪૦ મિનિટ સુધી અલગ અલગ બાબતો પર ચર્ચા કરી હતી અને ઘણી જૂની અને નવી વાતો અંગે અમારી વચ્ચે ચર્ચા થઈ હતી.ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે દિલ્હીમાં વડાપ્રધાન



નરેન્દ્ર મોદી સાથે અચાનક મુલાકાત કરી હતી. આ મુલાકાત બાદ નીતિન પટેલે મોદી સાથેના ફોટોગ્રાફસ સોશિયલ મીડિયા પર પણ શેર કર્યા હતા. આ મુલાકાતના ફોટોગ્રાફસમાં મોદી અને પટેલ બન્ને પ્રસન્ન મુખમુદ્રામાં જણાયા છે. આ મુલાકાત બાદ એવી ચર્ચા વહેતી થઈ છે કે નીતિન પટેલને નરેન્દ્ર મોદી કેન્દ્ર સરકાર તરફથી કોઈ મહત્ત્વની જવાબદારી આપી શકે છે.

## ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન વાઈબ્રન્ટ સમિટ યોજાશે

ગાંધીનગર,

વાઈબ્રન્ટ સમિટની સાથે રાજયમાં વિવિધ ક્ષેત્રે નવી પોલીસી જાહેર કરવા અંગે પણ બેઠકમાં ચર્ચા વિચારણા થશે. જે પોલીસીની મુદત પૂર્ણ થઈ રહી છે તેની સમીક્ષા કરાશે અને નવી કઈ કઈ પોલીસી જાહેર કરવી જે અંગે પણ ચર્ચા કરવામાં આવશેવડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી અને અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સથી બેઠક યોજીને વાઈબ્રન્ટ સમિટના આયોજન અંગે માર્ગદર્શન આપ્યા બાદ હવે સમિટના આયોજન અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંગળવારે ઉદ્યોગ વિભાગના અધિકારીઓની બેઠક બોલાવી છે, જેમાં વાઈબ્રન્ટ સમિટની થીમ, પાર્ટનર કન્ટ્રી, વિવિધ દેશોના મહાનુભાવોને આમંત્રણ આપવા સહિતની બાબતોને આખરી ઓપ અપાશે. કોરોના મહામારીને કારણે આ વખતે વાઈબ્રન્ટ સમિટનું મહાત્મા મંદિર ખાતે મુખ્ય આયોજન ઉપરાંત વર્ચ્યુઅલ પ્લેટફોર્મની પણ વ્યવસ્થા કરાય તેવી શક્યતા છે. જેથી જે દેશોના આમંત્રિતો તેમજ રોકાણકારો રૂબરૂ આવી ન શકે તો વીડિયો કોન્ફરન્સથી જોડાઈ શકશે. દર વખતે અધિકારીઓ આમંત્રણ આપવા અને વાયબ્રન્ટના પ્રચાર માટે વિવિધ દેશોના પ્રવાસે જતા હોય છે પરંતુ આ વખતે કોરોનાને કારણે અનેક દેશોમાં નિયંત્રણ હોવાથી રૂબરૂ મોકલાય તેવી શક્યતા નથી.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી અન્નપુર્ણા ગ્રાહક ભંડાર
મુ. વાડોદર-ખેડાપા, તા. મોરવા(હ)



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



એસ. આર. બારીઆ
મુ. વાડોદર, તા. મોરવા(હ)





મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# પથરીના દર્દીની ડોક્ટરે કિડની કાઢી લેતા હોસ્પિટલને ૧૧.૨૩ લાખ ચુકવવા પડશે

બાલાસિનોર,
ખેડા જિલ્લાના વંઘરોલી ગામના દેવેન્દ્રભાઈ રાવલે પીઠના તીવ્ર દુખાવા અને પેશાબ કરવામાં તકલીફ માટે બાલાસિનોર શહેરની કેએમજી જનરલ હોસ્પિટલના ડો.શિવુભાઈ પટેલની સલાહ લીધી હતી. મે ૨૦૧૧ માં તેમની ડાબી કિડનીમાં ૧૪ એમએમની પથરી હોવાનું નિદાન થયું હતું. જેની સારવાર માટે રાવલને વધુ સારી સુવિધામાં ધરાવતી હોસ્પિટલમાં જવાની સલાહ પણ આપવામાં આવી હતી, પરંતુ તેમણે તે જ હોસ્પિટલમાં સર્જરી કરાવવાનું પસંદ કર્યું હતું. ૩ સપ્ટેમ્બર, ૨૦૧૧ ના રોજ તેમનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. સર્જરી બાદ પરિવારજનોને ત્યારે ઝટકો લાગ્યો કે જ્યારે ડોક્ટરે કહ્યું કે પથરીને બદલે દર્દીની કિડની જ કાઢવી પડી છે. આ સાથે ડોક્ટરે કહ્યું કે આવું તેમણે દર્દીના શ્રેષ્ઠ હિતને ધ્યાને રાખી કર્યું છે. જ્યારે રાવલને પેશાબ કરવામાં વધુ તકલીફ થવા લાગી ત્યારે તેને નડિયાદની કિડની હોસ્પિટલમાં શિફ્ટ કરવાની સલાહ આપવામાં આવી. બાદમાં જ્યારે તેમની તબિયત વધુ બગડી તો અમદાવાદની આઈકેડીઆરસીમાં લઈ જવામાં આવ્યા. જ્યાં ૮ મી જાન્યુઆરી, ૨૦૧૨ ના રોજ રેનલ કોમ્પ્લિકેશનના કારણે તેમનું મૃત્યુ થયું. જે બાદ તેમના વિધવા પત્ની મીનાબેને નડિયાદ ખાતે ગ્રાહક તકરાર નિવારણ પંચમાં ફરિયાદ દાખલ કરી. પંચે ૨૦૧૨ માં તબીબ, હોસ્પિટલ અને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિ.ને તબીબી બેદરકારી બદલ વિધવાને રુ. ૧૧.૨૩ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. ડિસ્ટ્રિક્ટ કમિશનનો આદેશ આવ્યા બાદ આ રકમ કોણ ચુકવશે હોસ્પિટલ કે વીમા કંપની તેને લઈને આ કેસ રાજય ગ્રાહક સુરક્ષા કમિશન સમક્ષ આવ્યો હતો. જેમાં પ્રશ્ન હતો કે વળતર ચૂકવવા માટે કોને જવાબદાર ગણવા જોઈએ. કેસની સમગ્ર વિગત સાંભળ્યા બાદ રાજ્ય આયોગે નોંધ્યું કે હોસ્પિટલમાં ઈન્ડોર અને આઉટડોર દર્દીઓ માટે વીમા પોલિસી હતી, પરંતુ સારવાર કરનારા ડોક્ટર દ્વારા તબીબી બેદરકારી માટે વીમાદાતા જવાબદાર નથી. આ સર્જરી માત્ર કિડનીમાંથી પથરી દૂર કરવા માટે હતી અને પથરી દૂર કરવા માટે જ સંમતિ લેવામાં આવી હતી ગુજરાત રાજય ગ્રાહક તકરાર નિવારણ પંચે બાલાસિનોરની કેએમજી જનરલ હોસ્પિટલને દર્દીના સગાને રુ. ૧૧.૨૩ લાખનું વળતર ચૂકવવા આદેશ આપ્યો છે. હોસ્પિટલમાં પથરીની બિમારીને લઈને દાખલ થયેલા દર્દીની પથરી કાઢવાની જગ્યાએ ડોક્ટર્સે ડાબી કિડની જ કાઢી નાખી હતી. જે બાદ શરીરમાંથી મહત્વપૂર્ણ અંગ બહાર કઢાયાના ચાર મહિના બાદ દર્દીનું મૃત્યુ થયું. ગ્રાહક અદાલતે જણાવ્યું હતું કે હોસ્પિટલ તેના કર્મચારીના બેદરકારીપૂર્ણ કૃત્ય માટે પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે જવાબદારી ધરાવે છે. આ કિસ્સામાં ઓપરેટિંગ ડોક્ટરની ભૂલ માટે હોસ્પિટલ જવાબદાર છે. "એમ્પ્લોયર માત્ર તેના પોતાના કૃત્યો અથવા કમિશન અને બાદબાકી માટે જ જવાબદાર નથી, પણ તેના કર્મચારીઓની બેદરકારી માટે પણ જવાબદાર છે, જ્યાં સુધી તે બેદરકારી કર્મચારી દ્વારા રોજગારના સ્થાને અને ફરજ દરમિયાન કરવામાં આવી હોય. આ જવાબદારી રિસ્પોન્ડન્ટ સુપિરિયરના સિદ્ધાંત અનુસાર એટલે કે માલિકને જવાબ આપવા દોને આધારીત છે. તેમ કોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું હતું. અને કોર્ટે હોસ્પિટલને આદેશ આપ્યો હતો કે કેસ દાખલ કરનારને વર્ષ ૨૦૧૨થી ૭.૫ ટકાના વ્યાજ સાથે વળતરની રકમ ચૂકવવામાં આવે.

## મહિસાગર જિલ્લા કલેકટર કચેરી કમ્પાઉન્ડ ખાતે પાન ઈન્ડીયા અવેરનેસ કાર્યક્રમ યોજાશે

લુણાવાડા,
ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાઓનાં માર્ગદર્શન મુજબ મહીસાગર જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, લુણાવાડાના ઉપક્રમે આઝાદી કા અમરીત મહોત્સવઃ પાન ઈન્ડીયા અવેરનેસ કાર્યક્રમોનુ તા.૦૨ ઓકટોબર ૨૦૨૧ થી તા.૧૪ નવેમ્બર ૨૦૨૧ સુધી ઉજવણી થઈ રહેલ છે. જેમાં નામદાર નાલ્સા, સુપ્રિમ કોર્ટ, નવી દિલ્હીની જૂદી જૂદી યોજનાઓ વિશે મહીસાગરના છેવાડાના તથા અંતરીયાળ ગામો સુધી કાયદાની સમજ આપવાના હેતુસર એક ઝૂંબેશ ચલાવવામાં આવનાર છે. જેથી સમગ્ર મહીસાગર જીલ્લાનું એકપણ ગામ કાયદાની સમજ અને મફત સક્ષમ કાનુની સહાય થી વંચીત ન રહી જાય અને નામદાર નાલ્સાની વિવિધ સમાજકલ્યાણકારી યોજનાઓ અન્વયે સરકારની વિવિધ સમાજ કલ્યાણકારી યોજનાઓનો લાભ આમ છેવાડાના અંતરીયાળ ગામ્રજનો સુધી પહોંચે અને તેનો વધુને વધુ લાભ લોકો સુધી પહોંચે તેવી એક ઝૂંબેશ તથા અભિયાન અંતર્ગત જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહીસાગર દ્વારા તા.૨૦ ઓકટોબર ૨૦૨૧ ના રોજ મેગા લીગલ સર્વિસ કેમ્પ જિલ્લા સેવા સદન ના કમ્પાઉન્ડ, લુણાવાડા ખાતે આયોજન કરવામાં આવેલ છે તેમ ચેરમન જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, અને પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજ મહીસાગર – લુણાવાડાની અખબારી યાદીમાં જણાવાયુ છે.

## સંતરામપુર ઈદે મિલાદ નિમિત્તે જુલુસ યોજાયું


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં ઈદે મિલાદ નિમિતે જુલુસ કાઢવામાં આવ્યો. સંતરામપુર નગરમાં શાંતિપૂર્વક માહોલમાં જશને ઈદે મિલાદ ઉન નબી ઉજવણી કરવામાં આવી હતી. તેના અનુલક્ષીને આજરોજ મુસ્લિમ બિરાદરોએ જુલુસ કાઢી લીધું હતું જુમ્મા મસ્જિદ પાસે શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સી ભાઈ ચોક, ટાવર રોડ, ભોઈવાડા, બસ સ્ટેન્ડ ચાર રસ્તા, શિકારી ફળિયા, મોહમ્મદી મોહલ્લા દરેક જગ્યા જુલુસ કાઢવામાં આવ્યું હતું. નાના–મોટા દરેક મુસ્લિમ બિરાદરોમાં ઇદ–એ–મિલાદની ઉજવણી કરવામાં ખુશી જોવાઈ રહી હતી. આ પ્રસંગે સંતરામપુર પોલીસ પી.આઈ મછાર અને પોલીસ સ્ટાફ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જુમ્મા મસ્જીદના પેશ ઈમામ મોહમ્મદ ફહીમ રજા જુમ્મા મસ્જિદમાં શાંતિ અમન માટે દુઆ કરવામાં આવેલી હતી.

## બાલાસિનોર પ્રાંત અધિકારી અને વકીલો વચ્ચેનો વિવાદ વકર્યો : પ્રાંત અધિકારીની બદલી કરવાની માંગ

બાલાસિનોર,
બાલાસિનોર પ્રાંત અધિકારી અને વકીલો વચ્ચે કચેરીમાં અરજદારોની સામે ઉતારી પાડતા હોવાના આક્ષેપનો વિવાદ વકર્યો હતો. બાલાસીોનર પ્રાંત અધિકારીને લઈને બાલાસિનોર બાર એસોસિએશનની મિટીંગમાં વકીલોએ ઠરાવ કરીને પ્રાંત અધિકારીની બદલી કરવાની તાકિદ મહિસાગર કલેકટર અને મહેસુલ સચિવને કરી હતી.

બાર એસોસિએશનમાં કરેલ ઠરાવમાં જણાવ્યુ કે, બાલાસિનોર પ્રાંત ઓફિસર કચેરીમાં વકીલોને બેસવા માટે કોઈ અલગ વ્યવસ્થા નથી તેમજ આ બાબતે ના.કલેકટરને તેમજ મહેસુલ કેસો બાબતે અને અન્ય કામ કાજ માટે વકીલો તરફે રજુઆત કરવામાં આવે ત્યારે ના.કલેકટર બાલાસિનોરની ઓફિસમાં વકીલો અને પક્ષકારની હાજરી હોય ત્યારે વકીલોનુ જાહેરનામુ અપમાન કરવા આવતો હોવાનો આક્ષેપ ઠરાવમાં કરવામાં આવ્યો હતો. વકીલોને કાયદાકિય રજુઆત કરતા અટકાવે છે તેમજ રેવન્યુ કોર્ટના કામકાજનો કોઈ સમય નિશ્રિત હોતો નથી. તેમજ કલાકોના કલાકો સુધી વકીલોને બેસાડી રાખવામાં આવે છે. કેસના તમામ સ્ટેજો પુરા થયા પછી પણ દલીલો થયા પછી પણ જજમેન્ટ લાંબા સમય સુધી આપવામાં આવતા નથી. લોકશાહીમાં બાલાસિનોરના ના.કલેકટર સરમુખ્ત્યાર અધિકારી તરીકે વર્તણુંક અને વહીવટ કરતા હોય જેથી તેમની સામે કાયદેસ રૂલ્સ અને નિતી નિયમો પ્રમાણે કાયદેસરની કાર્યવાહી કરવી. અને વહીવટ વિભાગ વકીલો સાથે યોગ્ય અને વ્યાજબી સંતોષકારક જવાબ આપતા નથી. જેથી તમામ વહીવટ કર્મચારી સામે સ્થિત ભંગના પગલા લેવા જોઈએ. આ બાબતનો ઠરાવ બાલાસિનોર બાર એસોસિએશને કર્યો છે અને ઠરાવનો અમલ દિ–૧૫માં નહિ થાય તો નાછુટકે પ્રતિક હડતાળ ગાંધી ચિંધ્યા માર્ગે કરવી પડશે તેવી ઠરાવની નકલ મહિસાગર જિલ્લા કલેકટર, ગાંધીનગર મહેસુલ સચિવ સહિત મહેસુલ મંત્રીને મોકલી આપી છે.

## સંતરામપુરના બેણદા નજીકથી ૪.૮૮ લાખનો દારૂ ભરેલ ગાડી ઝડપાઈ

સંતરામપુર,
સંતરામપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.બી.મછાર તથા પો.સ.ઈ.એસ.એલ.કલાસવા તથા પોલીસ સ્ટાફના માણસો સાથે સંતરામપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમિયાન બાતમીના આધારે મોટા સરણૈયા ગામે નાકાબંધીમાં હતા ત્યારે બાતમીવાળી ગાડી આવતા તેની ઉભી રાખવાનો ઈશારો કરતા ચાલકે ગાડી ઉભી રાખેલ નહિ અને મોટા સરણૈયા ત્રણ રસ્તા પરથી બટકવાડા તરફના રોડે હંકારેલ દીધી હતી. સંતરામપુર પોલીસે ગાડીનો પીછો કરતા ગાડીનો ચાલક બટકવાડાથી ઉખરેલી, સાંગાવાડા થઈ પ્રતાપપુરા સર્કલ થઈ ગોઠિબ થઈ પાદેડી તરફના રોડે ભગાવી તેની ગાડી બેણદા ગામે રોડની સાઈડમાં ગટરમાં ઉતારી દઈ ગાડીનો ચાલક તથા બીજા બે ઈસમો ગાડીમાંથી ઉતરી ભાગવા જતાં પોલીસે તેઓને પકડી પાડ્યા હતા. પોલીસે ટાટા કંપનીની અલ્ટ્રાઝ ગાડીમાંથી અલગ અલગ માર્કાની ઈંગ્લીશ દારૂની નાની–મોટી બોટલો નં–૧૯૮ કિ.રૂ.૬૮,૬૪૦/–તથા બિયરના ટીન નં–૨૪ તથા પકડાયેલ ૩ની અંગઝડતીમાંથી મળેલ મોબાઈલ નં–૪ તથા કુલ કિ.રૂ.૪,૮૮,૫૨૦/– ના મુદ્દામાલ સાથે આરોપી કૃપાલસિંહ દેવેન્દ્રસિંહ સોલંકી(ઉ.વ.૨૦ રહે.સૌરભવિલા સોસાયટી મકાન નં–૩૦, ગોવિંદી રોડ ગોધરા, મુળ રહે.નવીધરી), અક્ષયસિંહ મહેન્દ્રસિંહ સીસોદીયા(ઉ.વ.૨૦, રહે.ચુથાના મુવાડા, બાપુ ફળિયુ, તા.સંતરામપુર, જિ.મહિસાગર)તથા નિસીત જયંતિભાઈ મકવાન(ઉ.વ.૨૨, રહે.ચક્વતિ ફળિયુ, ખ્રિસ્તી મહોલ્લો, કરમસદ તા.આણંદ, જિ.આણંદ)વિરુદ્ધમાં સંતરામપુર પોલીસે પ્રોહિનો ગુનો નોંધીને આગળ કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલમાં મારી સામે મૂછો કેમ ચઢાવે છે તેમ કહી મારામારી

હાલોલ,
હાલોલ તાલુકાના સાથરોટાના ગમીરપુરા ફળિયામાં રહેતા ગોપાલભાઈ રમેશ ભાઈને ફળિયામાં રહેતો અલ્પેશ અરવિંદ રાઠોડે આવી કહેલ કે 'તું બાઈક લઈને જવ છું. ત્યારે મારી સામે મૂછો કેમ ચઢાવું છુંલ્ર કહી ઉશ્કેરાઈ જઈ ગંદી ગાળો બોલતા ગોપાલે ગાળો બોલવાનું ના કહેતા અલ્પેશે હાથમાં રહેલી લોખંડની પાઈપ ગોપાલના માથામાં મારી દેતા ગોપાલને ગંભીર ઈજાઓ પહોંચી હતી. દરમિયાન છોડાવા પડેલ નટવરભાઈ રાઠોડને પણ મારતા ઈજાઓ પીહચી હતી. ઝગડામાં છોડાવા પડેલ અન્ય વિજય રાઠોડ અને હિતેશ રાઠોડને ઈજાઓ પહોંચી હતી. જે અંગે ફરિયાદ આપી છે. જયારે સામે પક્ષે પણ આક્ષેપો સાથે અલ્પેશ રાઠોડની પત્ની નિરુબેનએ આપેલ ફરિયાદમાં જણાવ્યું છે કે વિજય ગણપત રાઠોડ હિતેશ વિક્રમ રાઠોડ નટવર સાભઈ રાઠોડ રહે ગમીરપુરા એ ઘર આગળ આવી કહેલ કે તારો ઘરવાળો કઈ ગયો એને બાઈક અમારા પર મારી છે. કહી ઉશ્કેરાઈ જઈ ગોપાલ એ તેના હાથમાં રહેલ લોખંડનો સળિયો નિરુબેનના પગમાં મારી દેતા ઈજાઓ પહોંચી હતી. જ્યારે અન્ય આરોપીઓએ ગળદા પાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી હોવાનું જણાવ્યું હતુ પોલીસે બન્ને પક્ષે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.હાલોલ તાલુકાના સાથરોટ ગામના ગમીરપુરામાં 'તું મારી સામે કેમ મૂછો મરડે છેલ્ર. તો સામે પક્ષે 'તે મારા પર કેમ મોટરસાયકલ મારીલ્રના પગલે બંને પરિવારો વચ્ચે થયેલો ઝગડો ઉગ્ર બનતા બને પરિવારો હથિયારો સાથે સામસામે આવી મારામારી કરતા બે મહિલાઓ સહિત આઠ લોકોને ઈજાઓ પહોંચતાં હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લવાયા હતા. પોલિસે બનાવ અંગે બને પક્ષે સામસામે ફરિયાદ લઈ તપાસ હાથ ધરી છે.

## ઝાલોદના ગરાડુ ગામના ૨૩ પરિવારોને વીજ કનેકશન માટેના કાર્યવાહી ન થતાં ૧ વર્ષથી વીજળી વગર અંધારામાં જીવવાનો વારો

ઝાલોદ,
ઝાલોદ તાલુકાના ગરાડુ ગામના તળાવ ફળિયામાં રહેતા ડામોર અને મુનિયા પરિવારના ૨૩ જેટલા ઘરોમાં છેલ્લા એક વર્ષથી વીજળી ન હોવાના કારણે આખા પરિવારજનોને અંધારપાટમાં જીવન વ્યતિત કરવાનો વારો આવ્યો હતો. અનેકવાર રજુઆતો છતાં પણ જવાબદાર વિભાગ દ્વારા વીજ કનેકશન માટેની કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા અરજદારોને કચેરીમાં ધકકા ખાવા પડી રહ્યા છે. ૨૩ પરિવારોને સત્વરે કુટિર જયોત યોજના અંતર્ગત વીજ જોડાણ આપવા માટે ધારાસભ્ય ભાવેશ કટારા દ્વારા પણ સંબંધિત અધિકારીઓને લેખિતમાં ભલામણ કરી હતી.

હાલમાં રાજય સરકાર આતંરિયાળ વિસ્તારોમાં ઘરે ઘરે વીજળી પહોંચાડવા માટે કટિબદ્ધ બની છે. ત્યારે ગરાડુના ૨૩ પરિવારોને છેલ્લા એક વર્ષથી વીજળી વિના જીવન ગુજારવાના દિવસો આવ્યા છે.

## મને પદની કોઈ પણ લાલચ નથી : હાર્દિક પટેલ

ગાંધીનગર,
પાટીદાર અનામત આંદોલન બાદ હાર્દિક પટેલ કોંગ્રેસમાં જોડાયો હતો અને કોંગ્રેસમાં જોડાયા બાદ થોડા સમય પછી જ તેને કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું. બીજી તરફ કોંગ્રેસના સીનિયર નેતા હાર્દિક પટેલની અવગણના કરતા હોય તેવા કિસ્સાઓ અવાર નવાર સામે આવે છે. કારણ કે જ્યાં કોંગ્રેસના સિનિયર નેતાઓ હાજર હોય ત્યાં હાર્દિક પટેલની હાજરી જોવા મળતી નથી.ગુજરાતમાં કોંગ્રેસની સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે. કારણ કે કે જ્યારે જ્યારે ચૂંટણી આવે છે ત્યારે ત્યારે કોંગ્રેસને નુકસાન થાય છે. હવે કોંગ્રેસની સ્થિતિ સુધારવા માટે ગુજરાત કોંગ્રેસના પ્રભારી તરીકે રાજસ્થાનના આરોગ્ય મંત્રી રઘુ શર્માની નિમણૂક કરવામાં આવી છે. રઘુ શર્માએ ગુજરાત મુલાકાત કરી નેતાઓ સાથે બેઠકોનો દોર શરૂ કર્યો હતો. ત્યારબાદ તેઓ કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠકમાં પહોંચ્યા હતા. તો બીજી તરફ કોંગ્રેસની દિલ્હી ખાતે યોજાયેલી હાઈ કમાન્ડની બેઠકમાં ગુજરાતના અપક્ષના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલને પણ આમંત્રણ મળ્યું હતું. ત્યારબાદ એવી ચર્ચાઓ ચાલી રહી હતી કે હાર્દિક પટેલ અને જીગ્નેશ મેવાણી બંનેને ગુજરાતની મોટી જવાબદારી સોંપાઈ શકે છે. ગુજરાતના પ્રદેશ પ્રમુખ તરીકે હાર્દિક પટેલના નામની ચર્ચા થઈ રહી હતી ત્યારે હાર્દિક પટેલે આ બાબતે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને સ્પષ્ટતા કરી દીધી છે કે, જનતાનું હિત અને ગુજરાતની જીત એ તેનો સંઘર્ષ છે અને તેને પદની કોઈ પણ લાલચ નથી. હાર્દિક પટેલે ટ્વિટર પર એક પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, માત્ર જનતાના હિત અને ગુજરાતની જીત માટે મારો સંઘર્ષ છે. કોઈ. પણ પદની મારે લાલચ નથી. હું માત્ર ૨૮ વર્ષનો છું અને કોંગ્રેસ પાર્ટીએ આટલી ઓછી ઉંમરમાં મને ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ બનાવીને ઘણું બધું આપી દીધું છે..ઓછી ઉમરમાં મારા પર ઘણા બધા કેસ પણ થઈ ગયા છે. કોંગ્રેસ પાર્ટીમાં આવ્યા પહેલા મેં આંદોલનના માધ્યમથી લોકો માટે સંઘર્ષ કર્યો હતો. આજે પદ પર રહીને પણ ગુજરાતમાં સત્તા પરિવર્તન માટે લડાઈ લડી રહ્યો છું. હાર્દિક પટેલે વધુમાં જણાવ્યું હતું કે, મીડિયામાં ચાલી રહેલી અનેક પ્રકારની અફવા અને ખબરોનું ખંડન કરું છું. ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ કોઈ પણ બને અને તે કોઈ પણ સમાજના અને કોઈ પણ વ્યક્તિ હોય અમે તેમના નેતૃત્વમાં સત્તા પરિવર્તન માટેની લડાઈ લડીશું અને જીતીશું.

## રેલ રોકો આંદોલનને પગલે ૪૩ જેટલી ટ્રેન રદ કરાઈ

નવી દિલ્હી,
પંજાબના લુધિયાણા, અમૃતસર, જલંધર, પટિયાલા, ફિરોઝપુર અને હરિયાણાના ચર્ખી દાદરી, સોનીપત, કુરુક્ષેત્ર, હિસાર જેવા શહેરોમાં રેલવે સ્ટેશને ખેડૂતોએ આંદોલન કર્યું હતું અને બધી જ ટ્રેનોને થંભાવી દીધી હતી. ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં ભારતીય કિસાન યુનિયનના કાર્યકરોએ અમૃતસર દિલ્હી અને જલંધર એક્સપ્રેસને રોકવા માટે રેલવે પટરી ઉપર ધરણા કર્યા હતા. ખેડૂતોએ સરકારની સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. દેખાવકારોમાં મોટી સંખ્યામાં ખેડૂત પરિવારોની મહિલાઓ પણ જોડાઈ હતી. ઓડિશામાં પણ રેલ રોકો આંદોલનની અસર જોવા મળી હતી. રેલ રોકો આંદોલનના કારણે ઓડિશાની મોટાભાગની ટ્રેનો ૩૦ મિનિટથી દોઢ કલાક મોડી થઈ હતી.ખેડૂતોના રેલ રોકો આંદોલનના કારણે ૨૯૩ ટ્રેનોના પૈડા થંભી ગયા હતા. એમાંથી ૪૩ ટ્રેનો રદ્દ કરવી પડી હતી. ઉત્તર ભારતમાં રેલ રોકો આંદોલનની સૌથી વધુ અસર થઈ હતી. ઉત્તર ભારતના કેટલાય સ્ટેશનો ઉપર ખેડૂતોએ ટ્રેનને રોકી દીધી હતી. સૌથી વધુ રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં ટ્રેનો રદ્દ થઈ હતી. ખેડૂતોના રેલ રોકો આંદોલનની ઉત્તર ભારતના રાજ્યોમાં વ્યાપક અસર થઈ હતી. ઉત્તર ભારતના રાજ્યોમાં ખેડૂતોએ લગભગ ૧૫૦ સ્ટેશનોમાં ટ્રેનો રોકી રાખી હતી. ૨૯૩ જેટલી ટ્રેનોના પૈડા થંભી ગયા હતા. એમાંથી ૪૩ ટ્રેન તો રદ્દ જ કરવી પડી હતી. નોર્ધન રેલવે ઝોનની ૬૦ ટ્રેનો મોડી થઈ હતી અને અસંખ્ય મુસાફરો પરેશાન થયા હતા. રેલ રોકો આંદોલનના પગલે હજારો મુસાફરો અધવચ્ચે અટવાઈ ગયા હતા. નોર્ધન રેલવે ઝોનના કહેવા પ્રમાણે રેલ ટ્રાફિકને સૌથી વધુ અસર રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં થઈ હતી. રાજસ્થાન અને હરિયાણામાં ૧૮ ટ્રેન કેન્સર કરવી પડી હતી. એક બીજા સ્ટેશને ડાઈવર્ટ કરવામાં આવી હતી. નોર્ધન રેલવેના અધિકારીએ કહ્યું હતું કે દિલ્હીના રૂટમાં ૨૫ ટૂંકા અંતરની ટ્રેનો રદ્દ થઈ હતી.

## કોંગો ફીવરનો શંકાસ્પદ કેસ કચ્છમાં દેખાયો



ભુજ,
કોંગો ફીવર રોગ વિશ્વમાં ખુબ ખતરનાક રોગ છે આ રોગની ભારતમાં એન્ટ્રી તેમાં પણ ગુજરાતના કચ્છમાં આ કોંગો ફીવર રોગનો એક કેસ શંકાસ્પદ કેસ આવતા તંત્ર દોડતું થયું છે. માટે જવાબદાર વાયરસ પાલતુ પ્રાણીઓ જેવા કે ગાય, ભેંસ, ઘેટા બકરાના શરીરમાં જોવા મળે છે. જયારે આ પ્રાણીઓમાં આ રોગના કોઈ ખાસ લક્ષણો જોવા મળતા નથી અને માત્ર વાહક તરીકે તેઓ કાર્ય કરે છે. આ વાયરસ પ્રાણીઓ પર રહેલી ઈતરડી મારફતે માણસમાં પ્રવેશે છે કે કયારેક આવા પ્રાણીઓના લોહી કે અન્ય પ્રવાહીથી સીધા સંપર્કમાં આવવાથી આ રોગનો ફેલાવો થતો હોય છે આ વાયરસ માણસ માટે ખૂબ જ ઘાતક સાબિત થતો હોય છે. આ રોગના શરૂઆતના લક્ષણોમાં ખૂબ જ તાવ, માથું દુ:ખવું, પેટમાં દુ:ખવું, શરીરમાં દુ:ખાવો, ઝાડા-ઉલટી વગેરે છે જ્યારે અમુક દિવસ પછી શરીરના વિવિધ ભાગો જેવા કે ચામડી, પેશાબ, મળ, યોનિમાર્ગ વગેરે મારફતે લોહી વહેવાનું ચાલુ થતું હોય છે. માટે કોઈ પણ વ્યક્તિને આવા લક્ષણો જણાય અને ભૂતકાળમાં (૧૪ દિવસની અંદર) ઈતરડી કરડેલ હોય તો આ રોગની શંકા લઈ યોગ્ય નિદાન અને સારવાર લેવી અતિ આવશ્યક છે. આ રોગને અટકાવવા માટે સમયાંતરે ઈતરડી નાશક કામગીરી કરવી ખૂબ જ જરૂરી છે જેવી કે પશુઓ ઉપર ઈતરડી નાશક દવાઓનો છંટકાવ કરવો, પશુઓના રહેઠાણની દીવાલો, તિરાડો, બખોલોમાં પણ દવાઓનો છંટકાવ કરવો. પશુઓની બાંધવાની જગ્યાની ચોખ્ખાઈ રાખવી તેમજ પશુઓની સંભાળ કરતી વખતે જરૂરી મોજા, ગમબૂટ વગેરેનો ઉપયોગ કરવો જોઈએ. તેમજ આ સાથે સંકળાયેલી વ્યક્તિએ લાંબી બાંયના તેમજ પૂરા શરીરને ઢાંકતા કપડાઓ પહેરવાં જોઈએ. આવા કોઈ શંકાસ્પદ દર્દીઓ જોવા મળે તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાઓનો સંપર્ક કરવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.જનક માઢક, જિલ્લા પંચાયત કચ્છ દ્વારા જણાવાયું છે.સરહદી કચ્છમાં ચોમાસાની વિદાય બાદ હાલ ઋતુજન્ય બીમારીએ માથું ઊંચક્યું છે.સરકારી દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે ત્યારે જિલ્લામાં ઓક્ટોબરના માત્ર ૧૭ દિવસોમાં તાવના ૩૧,૪૨૭ કેસ નોંધાયા હોવાનું સામે આવતાં જિલ્લાનું આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. શહેરો હોય કે ગ્રામીણ વિસ્તાર મોટાભાગના લોકોને ઘરે તાવની બીમારી જોવા મળી રહી છે.દરેક ઘરમાં શંકાસ્પદ તાવના લક્ષણો જોવા મળી રહ્યા છે. કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના ધબડા ગામે વિશ્વને ડરાવી રહેલા કોંગો ફીવર રોગના શંકાસ્પદ દર્દીઓ જોવા મળતાં જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી-કચ્છ, રાપર તાલુકા આરોગ્ય અધિકારીની ટીમ તેમજ પશુપાલનની વિભાગની ટીમ સાથે સ્થળ પર મુલાકાત લઈ જરૂરી રોગ અટકાયતી કાર્યવાહી હાથ ધરી છે જે અંતર્ગત આખા ગામના ૧૭૯ ઘરનો ટીમ મારફતે સર્વે થયો છે. સર્વે દરમ્યાન અન્ય કોઈ દર્દી શંકાસ્પદ જોવા મળ્યા નથી. શંકાસ્પદ દર્દીના ઘરની અંદર તેમજ આસપાસ ચુનો અને બ્લીચીંગ પાઉડરનો છંટકાવ કરાયો છે. પશુપાલન વિભાગ દ્વારા ગામના ૮૭ પશુઓની ડેલ્ટામમેલ્થીન નામની ઈતરડીનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો છે. તેમજ પશુઓના વાડા અંદર તેમજ આસપાસ ઈતરડીનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો છે.

## આજનું રાશી ભવિષ્ય | તા.૨૦/૧૦/૨૦૨૧ બુધવાર

મેષ : આજે મજબૂત આર્થિક બાજુના કારણે માન, કીર્તિ અને પ્રસિદ્ધિમાં વધારો થશે. અટકેલું કામ પૂરું થશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

વૃષભ : તમને અન્યની મદદ કરવાથી રાહત મળશે, આજનો દિવસ દાનમાં વિતાવશો. વિદ્યાર્થીઓને તેમની તૈયારીઓ સુધારવાની તક મળશે. કાર્યક્ષેત્રમાં તમારી તરફેણમાં કેટલાક ફેરફાર થઈ શકે છે

મિથુન : આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થશે. સાંસારિક આનંદ માણવાના સાધનોમાં વધારો થશે. રોજગાર માટે પ્રયત્ન કરતા લોકોને સારા સમાચાર મળશે. આજે કોઈ સંબંધીને કારણે ટેન્શન વધી શકે છે.

કર્ક : આજનો દિવસ પરિવારના સભ્યો સાથે આનંદદાયક રહેશે અને કેટલાક શુભ કાર્યનું આયોજન થઈ શકે છે. ભાગ્ય તમારો સાથ આપશે, બપોર સુધીમાં તમને સારા સમાચાર પણ મળશે.

સિંહ : પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી વસ્તુ કે મિલકત મેળવવાની ઈચ્છા આજે પૂરી થશે. કાર્યક્ષેત્રમાં વધુ વ્યસ્તતા રહેશે. બિનજરૂરી ખર્ચા ટાળો, નહીં તો આર્થિક સંતુલન બગડી શકે છે.

કન્યા : આજે વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. કૌટુંબિક સંપર્કો લાભદાયી રહેશે. વ્યવસાયમાં યોગ્ય સમયે લેવામાં આવેલા નિર્ણયો અસરકારક સાબિત થશે.

તુલા : વ્યવસાયિક વ્યસ્તતા વધારે રહેશે અને વિવાદો પણ ઉકેલાશે. વિદ્યાર્થીઓને તેમની એકાગ્રતા જાળવવા માટે વધુ પ્રયત્નોની જરૂર પડશે. મોટી રકમની પ્રાપ્તિને કારણે ફંડની સ્થિતિ મજબૂત થશે.

વૃશ્ચિક : વેપારના ક્ષેત્રમાં રોકાણ તમારા માટે ફાયદાકારક સાબિત થશે અને તમે તમારા હરીફો માટે માથાનો દુ:ખાવો બની રહેશો. રાજ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોનું સન્માન વધશે.

ધનુ : રાજકીય ક્ષેત્રે સફળતા મળશે. બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂરી થશે. વેપાર યોજનાઓ વેગ પકડશે અને સ્પર્ધાના ક્ષેત્રમાં આગળ વધશો, અટકેલા કામ પણ પૂર્ણ થશે. પાચન ધીમું છે અને આંખની સમસ્યા શક્ય છે.

મકર : માતાની તબિયત અચાનક બગડતા થવાના ભાગવાની સ્થિતિ અને વધુ ખર્ચ થઈ શકે છે. વિદ્યાર્થીઓએ સફળતા મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે.

કુંભ : વિવાહિત જીવન આનંદમય રહેશે. આજે નજીક અને દૂર પણ સકારાત્મક યાત્રા થઈ શકે છે. પારિવારિક વ્યવસાયમાં વધતી પ્રગતિથી ઘણી ખુશી મળશે.

મીન : વ્યાપાર ક્ષેત્રે મનનો સાનુકૂળ લાભ મળવાથી સુખ રહેશો. આર્થિક સ્થિતિ અપેક્ષા કરતા વધુ મજબૂત બનશે. રોજગાર બદલવાની યોજના છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સફળતા મળશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


### ફતેપુરા પોલીસે ગણતરીના દિવસોમાં

## વાંદરીયા પુર્વ પ્રાથમીક શાળામાં થયેલ ચોરીનો ભેદ ઉકેલ્યોઃ સગીર વયના એક આરોપી સહિત છ આરોપીઓની ચોરીનો મુદ્દામાલ સાથે ધરપકડ કરી



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના વાંદરીયા પ્રાથમિક શાળામા ચોર ટોળકીએ રૂમનુ તોડી રૂમમા મુકેલા કોમ્પ્યુટરનુ સીપીયુ-૧, LCD મોનીટર-૬, CRT મોનીટર-૧, પ્રિન્ટર-૧ મળી કુલ ૨૦૫૦૦/- કિમંત ના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. જે ચોરીની ફરિયાદ શાળાના શિક્ષક ધારજીભાઈ મડિયાભાઈ પારગી ( રહે જલઈ તા.ફતેપુરા જિલ્લો.દાહોદ) એ ફતેપુરા પોલીસ સ્ટેશન મથકે તા.૦૨/૧૦/૨૦૨૧ ના રોજ નોંધાવી હતી. ફતેપુરા પોલીસે હાલ તો ફરીયાદ દાખલ કરી ફતેપુરા પોલીસ મથકના પીએસઆઇ સી.બી.બરંડાએ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ તસ્કરોનું પગેરૂ મેળવવા તાબાના માણસોની અલગ અલગ ૩ ટીમો બનાવી ચોરીના ગુન્હાના આરોપીઓ શોધવા માટે આધુનીક ટેકનોલોજી તથા સી.સી.ટીવી ફુટેઝ તથા હયુમન ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરી તપાસ શરૂ કરી હતી. જે તપાસ મા આરોપીઓ ચોરી કરી બહાર નાસતા ફરતા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. ત્યારે ફતેપુરા પોલીસે આ આરોપીઓને પકડી પાડવા સઘન વોચ ગોઠવી હતી. જેને લઈને આરોપીઓ પોતાના ઘરે પરત આવેલ હોવાની માહીતી મળતાની સાથે ફતેપુરા પોલીસ મથકના પીએસઆઇ સી.બી. બરંડાએ આ આરોપીઓને ઝડપી પાડવા ત્રણ અલગ અલગ ટીમોને આરોપીઓ ઘરે મોકલી ઘરને કોર્ડન કરી (૧) સંજય ઉર્ફે સુભાષ બાબુભાઇ જાતે.કટારા ઉ.વ .૨૦ રહે.વાંદરીયા પૂર્વ તા. ફતેપુરા જી.દાહોદ તથા (૨) દિલીપભાઇ ગૌતમભાઇ જાતે.કટારા ઉ.વ .૨૦ રહે.વાંદરીયા પુર્વ તા ફતેપુરા જી.દાહોદ તથા (૩) જયેશભાઇ મોહનભાઇ જાતે.પારગી ઉ.વ .૨૦ રહે.નાની ચરોલી તા.ફતેપુરા જી.દાહોદ (૪) મહેશભાઇ રામજીભાઇ જાતે.મછાર ઉ.વ .૧૯ રહે.ગાંગડતલાઇ તા.ગાંગડતલાઇ જી.બાસવાડા (રાજસ્થાન) (૫) સુક્રમભાઇ રમસુભાઇ જાતે ગરાસીયા ઉ.વ.૧૯ રહે બોરકુંડા તા.ગાંગડતલાઇ જી.બાસવાડા (રાજસ્થાન) તથા એક બાળકીશોરને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓએ ચોરી કરેલ મુદામાલમાં કોમ્પ્યુટરનુ સી.પી.યુ, નંગ -૧, HCL કંપનીના એલ સી ડી નંગ-૦૬ , CRT મોનીટર નંગ૦૧ તેમજ HP કંપનીનું પ્રિન્ટર નંગ૦૧ મળી કુલ ૨૦૫૦૦/- કિમંતનો ચોરી થયેલ ૧૦૦% મુદ્દામાલ રીકવર કર્યો હતો. સાથે ચોરીના ગુન્હામાં ઉપયોગમા લીધેલ મોટર સાઇકલ GJ-07-AM-742 ની સાથે પકડી પાડવામા ફતેપુરા પોલીસને સફળતા મળી હતી.

## દાહોદના ST વિભાગના કર્મચારીઓ પડતર માંગણીને લઈ આજે હડતાલનું આહવાન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

એસ.ટી. વિભાગના કર્મચારીઓની ૨૦ મુખ્ય માંગણીઓનો નિકાલ નહીં આવતાં આગામી તારીખ ૨૦મી ઓક્ટોમ્બર ૨૦૨૧ના મધ્યરાત્રીનાથી એક દિવસની માસ સી.એસ. તેમજ તેમ છતાંય નિર્ણય નહીં આવે તો અચોક્કસ મુદતની હડતાળનું એલાન કરી સશ્ત્ર ઉગામ્યું છે. જેમાં દાહોદ જિલ્લાના એસ.ટી. કર્મચારીઓ પણ જોડાયાં હોવાનું સામે આવી રહ્યું છે. જેમાં દાહોદ જિલ્લાના કુલ ૮૦૦ ઉપરાંત રૂટો બંધ થઈ શકે છે.

જાણવા મળ્યાં અનુસાર, એસ.ટી. વિભાગના કર્મચારીઓને સાતમાં પગારપંચના એરીયસનો હપ્તો બાકી છે. અન્ય વિભાગોમાં ૨૮ ટકા મોંઘવારી અપાય છે જ્યારે એસ.ટી.ના કર્મચારીઓને ૧૨ ટકા મોંઘવારી અપાય છે. જીપીએસ સીસ્ટમને આગળ કરીને બસ ડ્રાઈવર અને કંડકટરને ખોટી રીતે કનડગત કરવામાં આવે છે. રાજ્ય સરકારના અન્ય સરકારી વિભાગમાં ફિક્સ પગાર ઉપરના કર્મચારીને ૧૯,૯૫૦ પગાર ચુંકવવામાં આવે છે જ્યારે એસ.ટી. વિભાગમાંના ફિક્સ પગાર ઉપરના કર્મચારીઓને ૧૬,૬૫૦ રૂપીયા ચુંકવવામાં આવે છે. આ વિસંગતતા દુર કરવી, ફિક્સ પગારના કર્મચારીઓના અવસાનના કિસ્સામાં તેના આશ્રિત વારસદારોને ઠરાવ મુજબ રૂા. ૪ લાખના આર્થિક પેકેજનો લાભ આપો સહિતની ૨૦ માંગણીઓ રાજ્ય સરકાર દ્વારા સ્વીકારવમાં આવી નથી. તંત્રને તેમજ રાજ્ય સરકારે એસ.ટી. વિભાગના કર્મચારીઓને દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતાંય તેમની માંગણી પ્રત્યે કોઈ ધ્યાન અપાતાં અને યોગ્ય નિર્ણય ન લેવાતાં ૨૦મી ઓક્ટોમ્બર ૨૦૨૧ના રોજ મધ્યરાત્રીથી એસ.ટી.ના કર્મચારીઓ માસ સી.એલ. ઉપર જશે અને તેમ છતાં જો કોઈ નિર્ણય નહીં લેવાય તો અચોક્કસ મુદતની હડતાળ ઉપર જવાની ચીમકી પણ આપવામાં આવી છે. જેના ૩૩૨ ડેપોના, ૨૫૦-૨૫૦ ઝાલોદ અને દેવગઢ બારીઆ આમ, આશરે ૮૦૦ ઉપરાંત બસોના રૂટ બંધ થઈ શકે છે. જેના પગલે દાહોદ શહેર સહિત જિલ્લામાં બસ મારફતે રોજની અવર જવર કરતાં મુસાફરોને તહેવાર ટાળે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે એટલું જ નહીં એસ.ટી. વિભાગને રોજની લાખ્ખોની આવજનો ફટકો પણ પડી શકે તેમ છે.

## દાહોદના ભરચક એવા ઘાંચીવાડ વિસ્તારમાં વિદ્યુત બોર્ડનો લોખંડનો પોલ ટેકાનાં સહારે મોટી દુર્ઘટનાની રાહ જોતૂ વિદ્યુત બોર્ડ





દાહોદ,

દાહોદ શહેરનો લઘુમતી વિસ્તાર એવો મોટા ઘાંચિવાડ વિસ્તારમાંથી પસાર થતી મધ્ય ગુજરાત વીજ કંપનીની થ્રી ફેસ લાઈનનો પોલ થયો ખોખલો સાથેજ વિસ્તારના રહીશોએ દુર્ઘટના ના સર્જાઈ તે માટે લોખંડના પાઈપો મૂકી તેનો ટેકો આપ્યો છે જેથી કોઈ પણ પ્રકારની પોલ પડવાથી દુર્ઘટના ના સર્જાઈ જોકે નવાઈ તો એ વાતની છે કે વિસ્તારના રહીશોએ કેટલીવાર કમ્પ્લેન કરી અને વિધુત બોર્ડમાં જાણ કરી પરંતુ હજુ સુધી કોઈ પણ મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ તે વિસ્તારમાં આવ્યા નથી અને મધ્ય ગુજરાત વીજ કંપની પણ કોઈ દુર્ઘટના સર્જાઈ તેની રાહ જોઈ રહી હોઈ તેમ સ્થાનિકોની ફરિયાદથી લાગી રહ્યું છે. જોકે આ વિસ્તાર ગીચ વિસ્તાર કહેવામાં આવે છે અને ગીચ એવા લઘુમતી વિસ્તારમાં રોડની સાઈટમાં લોખંડનો પોલ લૂલો લંગડો થઈ જતા વિસ્તારના રહીશો મુશ્કેલીમાં મુકાયા છે અને મધ્ય ગુજરાતનાં વીજ કર્મીઓ ક્યારે આને બદલશે તેની રાહ જોવાઈ રહી છે.

## દે.બારીયા શહેરમાં ઈદે મિલાદની શાનદાર ઉજવણી થઈ : જુલુસ ગાઈડ લાઈન મુજબ

દે.બારીયા,

ગુજરાત સરકારે તાજેતરમાં સાર્વજનિક ગરબામાં ૪૦૦ વ્યકિતઓ માટે પરમિશન આપી હતી. ૧૯મી ઓકટોમ્બરે ઈદે એ મિલાદુનબીના તહેવારમા પરંપરા મુજબ સતત બાર દિવસ રાત્રી ૯.૩૦ થી ૧૦.૩૦ સુધી ઈસ્લામના પયગમ્બર સાહેબના જન્મની ખુશી મનાવવામાં આવતી હોય છે અને આકાની શાનમાં કસીદા પડવામાં આવે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જશ્ને આમ દે રસુલના મહેમાને ખુશીશી હુઝૂસુલ ઈસ્લામ રેહાને મિલ્લત ખલીફએ હુઝૂર તાજુશ શરીઅહ હજરત અલ્લામાં મુફતિ મોહમદ અસ્સલાન રજાખાન સાહબ કિ બલા અજહરી મરકજ એ એહલે સુજાત બરેલી શરીફ તા.૧૭/૧૦/૨૦૨૧ રવિવારના રોજ ઉસ્કુલ્લાહ શાહ બાબાના આંગણે મહેફીલનો ઈનેકાદ થયો હતો. જેમાં આસપાસના સુન્ની મુસ્લીમો, દાહોદ, ગોધરા, પીપલોદ, છોટાઉદેપુર આવી રોક બક્ષી.

આજરોજ તા.૧૯/૧૦/૨૦૨૧ મંગળવારના રોજ સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ઈદે મિલાદનું ઝુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. જુલુમાં પોલીસ બંદોબસ્ત જડબેસલાક સવાર થી ગોઠવી દેવામાં આવ્યો હતો.

જ્યારે સુન્ની મસ્જીદના ચોકમાં ૧૫ કિલોનું કેપ કાપી પ્રસાદ તરીકે આપવામાં આવ્યો હતો અને નિચવાસ ફળીયામાં પણ કેક કાપી ઈદે મિલાદની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સવારે ૧૧ કલાકે તથા સાંજે પણ આમ ન્યાજનું આયોજન હતું. અન્ય આલીમોમાં શહિદ રજા જામઈ સાહેબ, બરેલી શરીફ તથા કાસીમ રજા મિસ્બાહી ખંભાત શરીફ તથા હાફીઝ અશીફ અશરફી મૌલાના અરમાન અશરફી તેમજ મૌલાના ઈસ્માઈલ રજા પેશ ઈમામ આ તમામ ધર્મગુરૂઓ હાજર રહી પ્રોગ્રામનું પીર દસ્તગીર ટ્રસ્ટ જમાઅત રજાએ મુસ્તફાના અશકીનની મહેનત રંગ લાવી હતી.

## દાહોદના ખાપરીયા ગામે ગાડીમાં લઈ જવાતા ૨.૩૨ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ખાપરીયા ગામે પોલીસની નાકાબંધી દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીનો ચાલક પોલીસને જોઈ પોતાના કબજાની ગાડી સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા. ૨,૩૨,૩૮૦ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલર ગાડીની કિંમત મળી કુલ રૂા. ૪,૩૨,૩૮૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૮મી ઓકટોમ્બરના રોજ કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે ખાપરીયા ગામે કોટવાલ ફળિયાના રોડ તરફ આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં. આ દરમ્યાન ત્યાંથી એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસને જોઈ ફોર વ્હીલર ગાડીનો ચાલક થોડે દુર પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી મુકી નાસી ગયો હતો. પોલીસે ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની નાની મોટી બોટલો નંગ. ૧૮૧૨ કિંમત રૂા.૨,૩૨,૩૮૦ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલર ગાડીની કિંમત મળી કુલ રૂા. ૪,૩૨,૩૮૦ના મુદ્દામાલ સાથે ફરાર ફોર વ્હીલર ગાડીના ચાલક વિરૂદ્ધ કતવારા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના ભાભડા રોડ ઉપરથી ચોરી થયેલ ટ્રેક્ટરની શોધ CCTV ફુટેજના આધારે શરૂ કરતી પોલીસ

ગરબાડા,

ગરબાડાના ભાભડા રોડ પર આવેલ ફખરી ટ્રેડર્સ નામની દુકાનના એક વેપારીના ગોડાઉનના આગળના ભાગમાં પાર્ક કરેલ સ્વરાજ ટ્રેકટર અને ટ્રોલી ચોરાઈ હોવાની ઘટના બે-ત્રણ દિવસ પહેલા બની હતી.

જે બાબતે વેપારી દ્વારા સીસીટીવી ફુટેજ ચેક કરતા સમ્રગ ઘટના કેમેરામાં કેદ થયેલ જોવા મળી હતી. જેમાં ત્રણ જેટલા બુકાધારી યુવાનો ટ્રેકટર ચોરી લઈ ગયા હોવાનુ સામે આવ્યુ હતુ.ઘટના બાબતે વેપારીએ પોલીસને મૌખિક જાણ કરી હોવાનુ જાણવા મળી રહ્યુ હતુ. તેમજ સીસીટીવીના ફુટેજ પણ પોલીસને આપતા પોલીસે તે દિશામાં તપાસ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

જો કે અત્યાર સુધી આ ઘટના સંદર્ભે કાયદેસરની ફરિયાદ થઈ ન હોવાનુ જાણવા મળી રહ્યુ છે. જયારે ગરબાડા તાલુકાના પાંદડી ગામના કમલેશભાઈ માનાભાઈ પસાયાની મહેન્દ્ર બોલેરો જીપ તા.૧૭ની રાત્રિના ગુંદરા ફળિયામના રહેતા તેમના ડ્રાઈવરના ઘર આગળ પાર્ક કરેલ હતી તે દરમિયાન કોઈ અજાણ્યા ચોર તસ્કરોએ ચોરીને લઈ ગયા હતા. ઘટના સંદર્ભે ગાડીના માલિક દ્વારા જેસાવાડા પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ આપી હોવાનુ જાણવા મળેલ છે. ગરબાડામાં એક વેપારીના ત્યાં પાર્ક કરેલ ટ્રેકટર અને ટ્રોલી ચોરાઈ હતી. જે ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.

## દેવગઢબારિયા શહેરનાં માનસરોવર તળાવમાં એક યુવાને અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યું



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

પ્રાપ્ત વિગતો મુજબ મળતી માહિતી દેવગઢ બારીયા શહેરના યુવાને માનસરોવર તળાવ જેને મોટા તળાવ તરીકે ઓળખવામાં આવે છે. જે તળાવમાં રાત્રિના સમયે તળાવમાં છલાગં લગાવીને મોતને વહાલું કર્યું. જેની જાણ પરીવારમાં તેમજ નગરજનોમાં થતાં માતમ ને ગમગીનનો માહોલ છવાય જવા પામ્યો હતો અને પરિવાર સહિતના લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે આવી પહોચ્યા હતાં અને તે યુવાને કયાં કારણોસર તળાવમાં ઝંપલાવીને મોતને વ્હાલું કર્યું. તેનું રહસ્ય હાલ અકબંધ તેવું જાણવા મળી રહ્યું છે અને આ સમગ્ર ઘટનાની જાણ દેવગઢબારિયા નગરપાલિકા ફાયરની ટીમને જાણ કરાતાં ફાયરની પુરી ટીમ અને પોલીસ સહિતનો કાફલો ઘટના સ્થળે આવી પહોંચી મૃતદેહને તમામની મદદથી ભારે મહેનત બાદ તળાવમાંથી બહાર કાઢવામાં આવ્યો અને પોલીસ દ્વારા તેના મોતનું કારણ જાણવા અને તેની સામે કાયદેસરની કાયેવાહી કરવાં આગળની વધુ તપાસ હાથ ધરવામાં આવી.

## ફતેપુરાના વાંદરીયા પૂર્વ પ્રા.શાળામાં તસ્કરો ૨૦ હજારના મુદ્દામાલનો ચોરી કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના વાંદરીયા પુર્વ ગામની એક પ્રાથમીક શાળામાં અજાણ્યા તસ્કરોએ હાથફેરો કરી સીપીયુ, મોનીટર, એલ.ઈ.ડી. વિગેરે કોમ્પ્યુટર સંશાધનોની ચોરી કરી કુલ રૂા.૨૦,૫૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી ગયાં હતાં. આ મામલે ફતેપુરા પોલીસે ગુન્હાનો ભેગ ઉકેલવા તલસ્પર્શી તપાસનો ધમધમાટ આરંભ કરતાં આ ચોરીમાં સામેલ એક બાળ કિશોર સહિત ૦૬ જણાને ફતેપુરા પોલીસે ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાંનું જાણવા મળે છે.

ફતેપુરા તાલુકાના વાંદરીયા ગામેથી તસ્કરોએ રૂા.૨૦,૫૦૦ની કોમ્પ્યુટર સંશાધનોની ચોરી કરી નાસી ગયાં હતાં. આ મામલે ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાઈ હતી જેને પગલે ફતેપુરા પોલીસે તસ્કરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કરતાં મળેલ બાતમીના આધારે આ ચોરીને અંજામ આપનાર બાળ કિશોર સહિત ૦૬ જણાને પોલીસે ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં હતાં જેમાં સંજય ઉર્ફે સુભાષ બાબુ કટારા (રહે. વાંદરીયા), દિલીપભાઈ ગૌતમભાઈ કટારા (વાંદરીયા), જયેશભાઈ મોહનભાઈ પારગી (રહે. નાની ચરોલી), મહેશભાઈ રામજીભાઈ મછાર (રહે. ગાંગડતળાઈ) અને સુક્રમભાઈ રમસુભાઈ ગરાસીયા (રહે. બોરકુંડા)ને પોલીસે ઝડપી પાડ્યાં હતાં.

## દાહોદ શહેરમાં મુસ્લીમ બિરાદરોએ ઈદે મિલાદુનબીના તહેવારની ધામધૂમથી ઉજવણી

દાહોદ,

દાહોદ શહેરમાં આજરોજ ઈદે મિલાદુનબીના તહેવારની મુસ્લિમ બિરાદરો દ્વારા ધામધુમ પુર્વક ઉજવણી કરી હતી. સરકારની કોરોના ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન પણ કરવામાં આવ્યું હતું. દેશ, દુનિયામાં શાંતિ બની રહે તે માટેની પ્રાર્થના પણ કરવામાં આવી હતી.

ઈદે મિલાદુનબીનો તહેવાર દાહોદ શહેરમાં મુસ્લિમ સમાજના નબી સાહેબના જન્મ દિવસના રૂપમાં મનાવવામાં આવ્યો હતો. દાહોદ શહેરના ઠક્કર ફળિયા, કસ્બા, જેવા વિસ્તારોમાં મુસ્લિમ બિરદારો દ્વારા આ તહેવારની હર્ષોઉલ્લા સાથે ઉજવણી કરી હતી. શહેરમાં ફટાકડા ફોડી ઉજવણી પણ કરવામાં આવી હતી. સરકારીન કોરોના ગાઈડ લાઈનને ધ્યાનમાં રાખી તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. ભારત દેશ અને અને ગુજરાત રાજ્ય તેમજ દાહોદ શહેરમાં તમામ સમાજના લોકોમાં ભાઈચારો બની રહે તેવી પ્રાર્થના પણ મુસ્લિમ બિરાદરો દ્વારા કરવામાં આવી હતી.

## ફતેપુરાના ડબલારા ગામે બાઈક ચાલકે ટ્રેકટર સાથે અથડાતા બાઈક પાછળ બેઠેલ વ્યકિતનું મોત

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ડબલારા ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી એક ટ્રેક્ટરની ટ્રોલીના પાછળના ભાગે ધડાકાભેર અથડાતા મોટરસાઈકલની પાછળ બેઠેલ એક વ્યક્તિને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૭મી ઓક્ટોમ્બરના રોજ ફતેપુરા તાલુકાના મોટીઢઢેલી ગામે રહેતાં ચેતનભાઈ વાલસીંગભાઈ પારગી તથા તેમની સાથે અલ્પેશભાઈ માલજીભાઈ પારગી એમ બંન્ને જણા પોતાના કબજાની મોટરસાઈકલ લઈ ડબલારા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન ચેતનભાઈએ પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યાં હતાં. રસ્તાની આગળ ઉભેલ એક ટ્રેક્ટરની ટ્રોલી સાથે પાછળના ભાગે ધડાકાભેર ચેતનભાઈએ પોતાના કબજાની મોટરસાઈકલ અથડાવતાં પાછળ બેઠેલ અલ્પેશભાઈ માલજીભાઈ પારગીને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે ફતેપુરા તાલુકાના મોટીઢઢેલી ગામે સુકીદેવી ફળિયામાં રહેતાં મિનેષભાઈ નવલાભાઈ પારગીએ સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દ્વારા મેડીકલ કેમ્પ યોજાયો

દાહોદ,

લાયન્સ કલબ ઓફ દાહોદ સીટી, એબિલિટી અને દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળના સંયુક્ત ઉપક્રમે તથા ધીરજ હોસ્પિટલ વાઘોડિયા વડોદરાના સહયોગ દ્વારા મેગા મેડિકલ કેમ્પનું આયોજન તારીખ ૨૪/૧૦/૨૧ સવારે ૧૦ થી ૩ કલાક સુધી ઠક્કરબાપા પ્રાથમિક શાળા ચાકલીયા રોડ દાહોદ ખાતે કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં જનરલ સર્જન,જનરલ ફિઝિશિયન, હૃદય ,હાડકા ,કાન નાક ગળા નારોગો, બાળરોગ, દમ ટીબી શ્વાસના રોગ, આંખ રોગો, ચર્મ રોગો માનસિક રોગોના નિષ્ણાત તબીબો દ્વારા સેવા આપવામાં આવશે. આ કેમ્પમાં જરૂરી હાજર દવાઓ નિશૂલ્ક આપવામાં આવશે. આ કેમ્પનો લાભ વધુમાં વધુ આજુબાજુના ગામડાંના તેમજ દાહોદ શહેરની જનતા ને લાભ લેવા માટે લાયન્સ કલબ દાહોદ સીટી અને એબિલિટી તેમજ પંચાલ સમાજ દ્વારા અપીલ કરવામાં આવે છે.

## ૧૪ ઓક્ટોબર વર્લ્ડ વિઝન ડે ની ઉજવણી

દાહોદ,

વિઝન ૨૦૨૦- ધ રાઈટ ટુ સાઈટ-ઈન્ડિયા (ગુજરાત ચેપટર) દ્વારા વર્લ્ડસાઈટડેની ઉજવણી નેશનલ એસોસિયેશન ફોર બ્લાઈન્ડ અને લાયન્સ ક્લબ ઓફ દાહોદ સીટી તથા એબિલિટીના સંયુક્ત ઉપક્રમે ધામરડા પ્રાથમિક શાળામાં ૨૦૦ થી વધુ બાળકોને આંખના રોગો વિશે કેબિનેટ સેક્રેટરી ડો.યુસુફી કાપડિયા તથા આંખોની સંભાળ માટે રીજીયન ચેરમેન લા. ક્મલેશભાઈ લિમ્બાચીયા દ્વારા સમજણ આપવામાં આવી. આ આ પ્રસંગે લાયન્સ ક્લબ ઓફ દાહોદ સીટી ના પ્રમુખ લા. અર્પિલ શાહ, એબિલિટી ના મંત્રી લા. સુરેશ ભુરા ધામરડા પ્રાથમિક શાળાના આચાર્ય ફુલાભાઈ બારીયા તેમજ સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતા. ઉપરાંત ગ્રામજનો પણ હાજર રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.50

તા.૨૦/૧૦/૨૦૨૧
બુધવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા તાલુકાના પરવડી ગામના

# ખેડુતની જમીન પડાવી લેતા છેતરપિંડી થી કુલમુખત્યારનામું બનાવી લેનાર ૯ ઈસમો સામે પોલીસ ફરિયાદ

ગોધરા તાલુકાના પરવડી ગામે આવેલ રે.સર્વે નંબર-૧૪૦ અને સર્વે નંબર-૧૪૭ વાળી જમીન પડાવી લેવા છેતરપિંડી કરીને ખેડુત ખાતેદાર ચતુરભાઈ વજાભાઈ પટેલ પાસેથી નોટીરીને ત્યાં લઈ જઈને સોગંદનામાના સ્થાને કુલમુખત્યારનામમાં સહી કરાવીન પરવડીવાળી ખેતીની જમીન બારોબાર વેચવાનું ૯ ઈસમો દ્વારા ષડયંત્ર રચવામાં આવ્યું હોય છેતરપિંડીની કુલમુખત્યારનામું બનાવીને રેવન્યુ રેકર્ડ ઉપર ફેરફાર ન થાય તે માટે ખેડુત ખાતેદાર ચતુરભાઈ પટેલ દ્વારા ગોધરા તાલુકા મામલતદાર રેવન્યુ વિભાગમાં વાંધા અરજી આપેલ હતી. તેમ છતાં ગોધરા તાલુકા મામલતદાર કચેરીના અધિકારીઓની મેળાપીપણામાં પરવડી ગામવાળી જમીનમાં ફેરફાર કરાવીને ષડયંત્ર રચવામાં આવ્યું હોવાનો ખેડુત ખાતેદાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે. ત્યારે ગોધરા તાલુકા મામલતદાર કચેરીના કયા અધિકારીઓના મેળાપીપણામાં પરડવી ગામના સર્વે નંબર-૧૪૦ અને સર્વે નંબર-૧૪૭માં ફેરફાર કરવાના ષડયંત્રમાં સામેલ હોય તેની તપાસ થાય તે પણ જરૂરી છે.

- છેતરપિંડીનો ભોગ બનેલ ખેડુત દ્વારા ગોધરા તાલુકા મામલતદારમાં વાંધાઅરજી છતાં અધિકારીઓના મેળાપીપણાંથી ફેરફાર કરાવતા આરોપીઓ.
- કાંસુડીવાળી ખાલસા થયેલ જમીન પરત આપવા નામે ષડયંત્ર રચી ખેડુતને છેતરવાનો પ્રયાસ.
- ગોધરા કસ્બા વિસ્તારના અને તાલુકા વિસ્તારમાં ભૂમાફિયાઓ ખેડુતોની જમીન પડાવી લેવા સક્રિય.

ગોધરા,
ગોધરા તાલુકાના પરવડી ગામે રહેતા ખેડુત ખાતેદારની રે.સર્વે. નંબર ૧૪૦ અને રે.સર્વે નંબર-૧૪૭ વાળી ખેતીની જમીન આવેલ હોય અને જમીન સંયુકત પરિવારની હોય આ જમીન પડાવી લેવા માટે ૯ ઈસમો દ્વારા જમીન વિવાદમાં નાખવાનું કાવતરું રચવામાં આવ્યું હતું. ખેડુત ખાતેદાર ફરિયાદની જાફરાબાદ પંચાયતમાં કાંસુડી ગામે સર્વે નંબર-૭૪ વાળી જમીન જે ખાલસા થયેલ હોય તે સરકાર માંથી પરત આપવાનું બહાનું કરીને સોગંદનામા સહી કરાવા માટે નોટીરીને ત્યાં લઈ ગયેલ હતા અને સોગંદનામાના આધારે કુલમુખત્યારનામા ઉપર સહી કરાવી લીધી હતી અને ખોટી છેતરપિંડી કરીને બનાવેલ કુલમુખત્યારનામાના આધારે બારોબાર જમીન વેચવા ફરતો હોવાનું ખેડુત ખાતેદારના ધ્યાનમા આવતાં જમીનમાં રેવન્યુ રેકર્ડમાં ફેરફાર કરવા સંબંધે વાંધી અરજી આપેલ હોવા છતાં રેવન્યુ વિભાગના અધિકારીઓના મેળાપીપણામાં ખોટી રીતે ફેરફાર કરાવી જમીન પચાવી પાડવાના ષડયંત્ર કરનાર ૯ ઈસમો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવા માટે ખેડુત ખાતેદાર દ્વારા જીલ્લા પોલીસવડાને રજુઆત કરવામાં આવી છે.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા તાલુકાની આસપાસ ખેડુતોની જમીન એનકેન પ્રકાર ભૂમાફિયાઓ દ્વારા પડાવી લેવાની અનેક ફરિયાદો અગાઉ પણ ઉઠવા પામી છે. તેમ છતાં ગરીબ અભણ ખેડુત ખાતેદારોની જમીન પચાવી પાડવાના ષડયંત્ર હાલમાં પણ ચાલી રહ્યાનો કિસ્સો સામે આવ્યો છે.

ગોધરા તાલુકાના પરવડી ગામે રહેતા ચતુરભાઈ વજાભાઈ પટેલની રે.સર્વે નંબર-૧૪૦ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦-૭૨-૮૪ આકાર રૂા.૧.૫૦ પૈસાવાળી તથા રે.સર્વે નંબર-૧૪૭ના ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦.૯૩.૦૮ આકાર રૂા.૨.૧૯ પૈસાવાળી ખેતીની જમીન આવેલ છે. તેમાં ચતુરભાઈ વજાભાઈ પટેલ અને પરિવારના સંયુકત નામે ચાલતી હોય તે જમીન પચાવી પાડવા માટે ૯ ઈસમો દશરથસિંહ પ્રભાતસિંહ ડાભી, ગોવિંદ ગઢવી, દિપક પટેલ, ઈસ્માઈલ બાંડી, રમેશભાઈ જીવાભાઈ વણકર (પરમાર), પરમાર ગોપાલભાઈ, મકવાણા વિનોદભાઈ વસરામભાઈ, અલ્પેશ અંગતસિંહ બારીયા, ભોપતસિંહ વિરસિંહ બારીયા એ ભેગા મળીને ષડયંત્ર રચવામાં આવ્યું હતું. ચતુરભાઈ પટેલની જાફરાબાદ ગ્રામ પંચાયતના કાંસુડી ગામે સર્વે નંબર-૭૪ વાળી જમીન આવેલ ખાલસા થયેલ હોય તે સરકાર માંથી પાછી આપવી દેવા માટે ત્રણ ઈસમો આવ્યા હતા અને ખાલસા થયેલ જમીન પાછી આપવા માટે તમારે સોગંદનામું કરી આપવું પડશે તેમ કહીને ચતુરભાઈ પટેલને નોટરી પાસે લઈ ગયા હતા અને લખાણ અને નોટરીના ચોપડા ઉપર સહી કરાવી હતી. તેમજ ચતુરભાઈ પટેલના પુત્ર ગોવિંદભાઈ ગઢવીની સહી કરાવવા માટે ઈસ્માઈલ બાંડી પોતાની ઓળખ વકીલ તરીકે આપીને આવ્યા હતા અને બળજબરી પૂર્વક સહી કરાવી હતી. નકલની માંગણી કરતા સહી-સિકકા થયેલ નથી. સહી-સિકકા કરીને નકલ આપીશું તેમ કરીને ચાલ્યા હતા.

ત્યારબાદ પરવડી ગામના ખેતીની જમીન જોવા માટે કેટલાક વ્યકિતઓ આવતા હોય તેમને આધારે જમીન વેચવાની નથી. તેમ કહેતા તેમના દ્વારા તમારા નામનું કુલમુખત્યારનામું હોય તેના આધારે વેચાણ કરવાનું કહે છે. તેના આધારે ખેડુત ખાતેદાર ચતુરભાઈ પટેલને છેતરપિંડીના ભોગ બન્યા હોય તેવું જણાઈ આવ્યું હતું અને છેતરપિંડીની બનાવી લીધેલ કુલમુખત્યારનામું રદ કરતી જાહેરાત દૈનિક અખબારમાં પ્રસિદ્ધ કરાવી તેમજ દશરથસિંહ પ્રભાતસિંહ ડાભીને લેખિત નોટીસ આપીને કુલમુખત્યારનામું રદ કરવાની જાણ કરેલ હોય તેમ છતાં જમીન પડાવી લેવા અલગ-અલગ વ્યકિતને જમીન જોવા મોકલીને ખેડુત તેમજ પરિવારજનોને પરેશાન કરાઈ રહ્યા છે. કાંસુડી ગામની ખાલસા થયેલ જમીન સરકાર માંથી પરત આપવા માટે ખેડુત ખાતેદાર પાસેની સોગંદનામાના નામે કુલમુખત્યારનામા ઉપર સહી કરાવીને છેતરપિંડી કરવામાં આવી હોય અને ૯ ઈસમો દ્વારા જમીન પડાવી લેવા માટે છેતરપિંડી વિશ્વાસઘાત કરવામાં આવી હોય આ બાબતે ૯ ઈસમો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી કરવા જીલ્લા પોલીસવડાને અરજદાર ચતુરભાઈ વજાભાઈ પટેલ દ્વારા લેખિતમાં રજુઆત કરાઈ છે.

## ડેરોલસ્ટેશન ખાતેની ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી : ૧૬ સીટો માટે એક ફોર્મ રદ થતાં ૩૩ ઉમેદવારોની પડાપડી


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
ડેરોલસ્ટેશન ખાતે આવેલ ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ૨૦૨૧ની સામાન્ય ચૂંટણીની પ્રક્રિયાની જાહેરાત કરવામાં આવી છે. જેની સંપૂર્ણ કામગીરી ચૂંટણી અધિકારી અને જિલ્લા રજીસ્ટ્રારની ઉપસ્થિતિમાં યોજાનાર છે. જોકે ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં યોજનાર ચૂંટણીમાં ૧૬ બેઠકોની ચૂંટણી થવા જઈ રહી છે. જેમાં ખેડૂત વિભાગ ૧૦ સભ્યો, ખરીદ વેચાણના ૨, વેપારી મત વિભાગના ૪ એમ ૧૬ બેઠકો માટે ચૂંટણી થવા જઈ રહી છે.

ડેરોલ સ્ટેશન ખાતે ની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની જાહેરાત અનુસાર ૧૭ ઓક્ટોબર ફોર્મ ભરવા માટે ૧૮ ઓકટોબરે ચકાસણી ૨૧ ઓકટોબર એ ફોર્મ પરત ખેંચવાની તારીખ ત્યારબાદ ૨૯ ઓકટોબરે મતદાન અન ૩૦ ઓકટોબરે મત ગણતરી ની પ્રક્રિયા કરવામાં આવશે.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ૧૬ બેઠકો માટે પ્રથમ તબક્કા અને ૧૭ ઓકટોબરે ફોર્મ ભરવાની કામગીરીમાં કુલ ૩૪ ઉમેદવારોના ફોર્મ ભરાયા હતા. પરંતુ ૧૮ ઓકટોબરના ચકાસણીના દિવસે એક ઉમેદવારનું ફોર્મ ચૂંટણી નિયમ પ્રમાણે યોગ્ય પુરાવા ન હોવાના કારણ રદબાતલ કરવામાં આવ્યું હતું. બાકીના ૩૩ ફોર્મ મંજુર થતા હાલની પ્રક્રિયામાં ૩૩ ઉમેદવારો ચૂંટણી જંગમાં તૈયારી દર્શાવી રહ્યા છે. જેમાં ખરીદ-વેચાણના ૨ પૈકે ૨ ફોર્મ ભરાયા છે. વેપારી મત વિભાગના ૪ પૈકે ૪ ઉમેદવારો ના ફોર્મ ભરાયા છે. પરંતુ ખેડત વિભાગના ૧૦ સભ્યો પૈકે હાલની પરિસ્થિતિમાં ૨૭ ઉમેદવારોની પડાપડી જોવા મળી રહી છે. જોકે ૨૧ ઓક્ટોબરના ફોર્મ પરતની તારીખ પછી જ કેટલા ઉમેદવારો ૨૯ ઓક્ટોબરે યોજાનારી ચૂંટણી જંગમાં ઉતરશે તે ચોક્કસ પણે કહી શકાશે.

## ગોધરા-વડેદરા વચ્ચે દોડતી સાંજની મેમુ ટ્રેન રેલ્વે વિભાગ પુનઃશરૂ કરતાં મુસાફરો માટે રાહત



ગોધરા,
પશ્ચિમ રેલ્વે દ્વારા ગોધરા-વડોદરા મેમુ ટ્રેન જે છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીને લઈ બંધકરવામાં આવી હતી. તેવી સાંજે ૫.૫૫ કલાકની ગોધરા થી વડોદરા વચ્ચે મુસાફરી કરતા મુસાફરો માટે રાહત અનુભવી છે.

ગોધરા-વડોદરા વચ્ચે દોડતી મેમુ ટ્રેન કોરોના મહામારીના સમયગાળામાં બંધ કરવામાં આવી હતી. તેવી ટ્રેનને પશ્ચિમ રેલ્વે વિભાગ દ્વારા તબકકાવાર શરૂ કરવામાં આવી છે. ત્યારે ગોધરા-વડોદરા વચ્ચે દોડતી સાંજના સમયની ટ્રેન બંધ હોવાને લઈ અપડાઉન કરતા મુસાફરોને બસમાં મુસાફરી કરવી પડતી હતી. ત્યારે પશ્ચિમ રેલ્વે દ્વારા ગોધરા થી વડોદરાની મેમુ ટ્રેન પુનઃ શરૂ કરવામાં આવી છે. ગોધરા રેલ્વે સ્ટેશન થી સાંજે ૫.૫૫ કલાકે ઉપડીને ૭.૩૫ કલાકે વડોદરા પહોંચાડશે. છેલ્લા બે વર્ષથી બંધ થયેલ મેમુ ટ્રેન ગોધરા થી વડોદરાની પુનઃ શરૂ કરવામાં આવતાં વડોદરા તરફ થી કાયમી અપડાઉન કરતાં મુસાફરોમાં રાહત થશે. ગોધરા-વડોદરા વચ્ચે શરૂ કરેલ મેમુ ટ્રેનમા ૨૦ રૂપીયાના સ્થાને ૪૫ રૂપીયા મુસાફરોને એકસપ્રેસ ભાડુ ચુકવવું પડશે.

## ગોધરા-વડોદરા રેલ્વે લાઈન ખરસાલીયા પાસે ૫૫ વર્ષીય આધેડની ટ્રેનની અડફેટે મોત

ગોધરા,
ગોધરા-વડોદરા રેલ્વે લાઈન ખરસાલીયા સ્ટેશન પાસે ૨૬ નંબરની ફાટક પાસે અજાણ્યા વ્યકિતનું ટ્રેનની અડફેટમાં મોત થતાં મૃતદેહને ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-વડોદરા રેલ્વે લાઈન ખરસાલીયા સ્ટેશન પાસે ૨૬ નંબરના ફાટક પાસે ૫૫ વર્ષીય અજાણ્યો વ્યકિતની ટ્રેનની અડફેટમાં આવી જતાં મોત નિપજાવા પામ્યું. ટ્રેન અડફેટમાં અજાણ્યા વ્યકિતના મોતની જાણ થતાં રેલ્વે પોલીસે મૃતદેહને પી.એમ.અર્થે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો અને રેલ્વે પોલીસે અકસ્માતે મોતના ગુનો નોંધી મૃતકના વાલીવારસોની શોધ ચલાવી છે.

## ગોધરા અમિતભાઈ પટેલ કોરોના કલેમ કરતી વખતે ખાતામાં ટેકનીકલ ખામીને લઈ ૪૭,૦૦૦ રૂપીયા વધારાની રકમ એચડીએફસીમાં પરત કરી


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
માણસ ને પોતાના હક નું તો ભગવાન આપે જ છે, પરંતુ જે બીજા કોઈના હકનું છે. તે ક્યારે પણ છીનવી લેવું ના જોઈએ આવી ઉચ્ચ માનસિકતા સાથે જીવન જીવતા અને ભગવાન શ્રી સ્વામિનારાયણમાં અતૂટ શ્રદ્ધા રાખનાર ગોધરા શહેર ના યુવાને તમામ માનવ જાત માટે આદર્શ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

વડતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજના આશ્રિત સંત પ.પૂ. સદ્દગુરૂ શ્રી જ્ઞાનજીવનદાસજીસ્વામી (કુંડલવાળા) ના સેવક ગોધરાના અમિતભાઈ એન. પટેલે HDFC ERGOની કોરોના કવચ પોલીસી લીધેલ હતી. જે પોલીસી કોરોના કાલ દરમિયાન તેમના માટે આશીર્વાદ રૂપી સાબિત થઈ, જેની મદદ થી તેઓ જ્યારે કોરોનાની બીમારીનો સામનો કરી રહ્યા હતા. તેમાં તેમણે ઘણી સહાય થઈ, અમિતભાઈ એ પોતાનું નિદાન વડોદરાની ખાનગી હોસ્પિટલમાં કરાવ્યું. જ્યારે તેમનો ખર્ચ આશરે ૧૬૧,૦૦૦નો થયો હતો. જે પોલીસી ક્લેમ કરતી વખતે તેમના ખાતામાં કંપનીની ટેકનિકલ ખામીના કારણે ૨,૦૮,૦૦૦ ની રકમ પ્રાપ્ત થઈ હતી. પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણના આદર્શો પર ચાલનાર અમિતભાઈ એ વધારાની રકમનો અસ્વીકાર કરવાનો નિર્ણય કર્યો અને તે રકમ અન્ય જરૂરિયાતવાળા માણસને મળે તેવા આશય થી સામે થી HDFC ERGOના અધિકારીઓનો સંપર્ક સાધી વધારાની રકમ પરત કરવાનો નિર્ણય કર્યો.

HDFC કંપનીના ડેપ્યુટી મેનેજર મોહમ્મદ યાસીન શેખને સામેથી મળી ૪૭૦૦૦/- વધારાના આવી ગયા છે. તેની જાણ કરી અને વધારાની રકમનો ચેક પરત કર્યો. આવા ઘોર કળીયુગમાં અમિતભાઈની આ પ્રકારની પ્રમાણિકતા જોઈ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને પૂ.સદગુરૂ શ્રી જ્ઞાનજીવનદાસજીસ્વામી (કુંડલવાળા) કે જેમણે પોતાના આશ્રિત વર્ગમાં પ્રમાણિક્તાના આવા શુભ સંસ્કારોનું સિંચન કર્યું તે જાણીને HDFC ERGO કંપનીના અધિકારીઓ પણ ખૂબ પ્રભાવિત થયા... તેમજ અમિત ભાઈએ તમામ લોકો માટે એક આદર્શ ઉદાહરણ પણ પૂરૂં પાડ્યું છે.

## જાંબુઘોડા અભ્યારણ્યમાં કડા જળાશય ખેતી સાથે વન્યજીવોની તરસ છીપાવે છે

જાંબુઘોડા,
વડોદરા નજીક પંચમહાલ જિલ્લામાં રોડ માર્ગે ૭૦ થી ૮૦ કિ.મી.ના અંતરે જાંબુઘોડા અભ્યારણ્યમાં આવેલુ કડા જળાશય કે જયાં કોઈ ડેમ ન હોવા છતાં કડા ડેમના નામે ઓળખાય છે. મુળભુત રીતે આ ખુબ નાનુ સિંચાઈ વિભાગના તાબા હેઠળનુ તળાવ છે. જેની સિંચાઈનો લાભ નજીકના ધનપરી અને કડા ગામના ખેડુતોને મળે છે.

આ વિસ્તારમાં વન અધિકારી અને હાલમાં વન્ય જીવ વિભાગ, વડોદરાના કાર્યકારી મદદનીશ વન સંરક્ષક જણાવે છે કે નાની મોટી ડુંગરીઓ પરથી રેલાતુ વરસાદી પાણી આ તળાવનો મુખ્ય જળ સ્ત્રોત છે. આ વિસ્તારમાં વર્ષે ચોમાસુ નબળુ રહે છે. નબળા ચોમાસે જયારે ખુટી જાય ત્યારે ઉનાળામાં અને સુખી કેનાલથી મદદથી ભરવામાં આવે છે. જે ખેતીની સાથે વન્ય જીવોની તરસ છીપાવે છે અને પક્ષીઓને પોષે છે.

સિંચાઈનો લાભ આપતા કડા ડેમની આસપાસ નાનકડા પક્ષી તિર્થનો કુદરતી વિકાસ થયો છે. એવી જાણકારી આપતા વન અધિકારી કહે છે આ વિસ્તારમાં બારેમાસ વિવિધતા સભર દેશી પક્ષીઓ જોવા મળે છે. તેથી સાથે આ તળાવથી બનતા વેટલેન્ડને લીધે શિયાળામાં અહિં યાયાવર પક્ષીઓના નાના સમુહો પણ આવે છે. અહિંના જંગલોમાં દિપડાનુ રાજય છે. તેની સાથે લોંકડી, ઝરખ, કીડીખાઉ, રીંછ, નીલગાય જેવા વન્ય જીવો અહિં વસે છે.

આ જંગલ વિસ્તારમાં સરીસૃપ વિવિધતા છે. એટલે અહિં ટ્રેકિંગ ખુબ સાવચેતી રાખીને કરવુ પડે છે. આ જંગલના મુખ્ય વૃક્ષો ઘેઘુર મહુડા, ઉંચા ઉંચા સાગ અને પાઘડીપને પથરાયેલા વાંસના ઝુંડ છે. જંગલ વિસ્તારમાં અધિકૃત ફી ભરીને પ્રવેશ મેળવનાર પ્રવાસીઓ માટે વીમા સુરક્ષા છત્રની જોગવાઈ પણ કરવામાં આવી છે.

## કાલોલના ખંડોલી ગામે જલારામ મંદિર ખાતે જીલ્લા કોંગ્રેસની મીટીંગ યોજાઈ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકા કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટની મીટીંગ જલારામ મંદિર ખંડોળી મુકામે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખઅજીતસિંહ ભાટી, પૂર્વ મંત્રી ઉદેસિંહ બારીયા, પ્રદેશ કોંગ્રેસ મંત્રી રફીક તિજોરીવાલા, પંચમહાલ જિલ્લા ઓબીસી ડિપાર્ટમેન્ટ પ્રમુખ નરેન્દ્ર સિંહ દત્તુભાઈ ની ઉપસ્થિતિમાં યોજાયેલ હતી. આગામી વિધાનસભા ચૂંટણીઓને દ્યાનમાં લઈ પક્ષના કાર્યક્રમોનો વ્યાપ ગ્રામ્ય કક્ષા સુધી વધારી પક્ષની વિવિધ કામગીરીને વેગ આપવા અને ઓબીસી મતદારોને ભૂતકાળ મુજબ કોંગ્રેસ પક્ષના પ્રવાહમાં સમલીત કરવા ઉપયોગી ચર્ચા વિચારણા કરવામાં આવેલ. આ મિટિંગમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરવત પરમાર, તાલુકા કોંગ્રેસ ઓબીસી પ્રમુખ નસીબદાર રાઠોડ, પ્રદેશ ઓબીસી મંત્રી ગણપત પટેલ, વકીલ કોંગી અગ્રણી જલારામ મંદિર ટ્રસ્ટી ભાવસિંહ પરમાર, વિપુલ વકીલ, નીરવ પટેલ, ભુપેન્દ્ર ખેર, કાલોલ શહેર પ્રમુખ અશોક ઉપાદયાય, દિલીપસિંહ કિરણભાઈ ગુલાબસિંહ સહિત મોટી સંખ્યામાં પક્ષના કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને આગામી સમયમાં તમામ શહેર તાલુકા મથકોએ યોજાનાર ઓબીસી મીટીંગ કાર્યક્રમોની પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## હાલોલ પાલિકાના સફાઈ કામદારોએ પડતર માંગણીઓને લઈ ઉપવાસ પર ઉતર્યા

હાલોલ,
હાલોલ સફાઈ કામદારો પોતાના હકક અને અધિકારો માટે અનેકવાર રજુઆત કરવા છતાં નિકાલ નહિ આવતા આજથી હાલોલ નગરપાલિકા કાર્યાલયની બહાર અચોકકસ પ્રતિક ઉપવાસ પર ઉતર્યા છે.

હાલોલ સફાઈ કામદારોએ ગુજરાત વાલ્મિકી સંગઠનના નેજા હેઠળ કામદારોના પડતર પ્રશ્નોને લઈ તંત્રને લેખિત-મૌખિક તેમજ આવેદનપત્ર આપી રજુઆત કરી હોવા છતાં પણ નિકાલ નહિ આવતા અંતે તેમને ગાંધી ચિંદયા માર્ગે હાલોલ નગરપાલિકા કાર્યાલયની બહાર અચોકકસ પ્રતિક ઉપવાસ પર ઉતર્યા છે. કામદારોના પડતર પ્રશ્નોમાં કામદારો પાલિકામાં વર્ષોથી વાલ્મિકી સમાજના સફાઈ કામદારો નિષ્ઠાપુર્વક હાલોલમાં સફાઈ કામદાર તરીકે સેવા બજાવી રહ્યા છે. આ સફાઈ કામદારો નગરપંચાયત હતી ત્યારથી કામ કરે છે હાલમાં નગરપાલિકા થઈ ગઈ છે છતાં આજદિન સુધી એકપણ સફાઈ કામદારને કાયમી કરવામાં આવ્યા નથી. છેલ્લા ૩૦ વર્ષથી કામ કરી રહેલા કેટલાક સફાઈ કામદારો ગંદુ કામ કરી ભયંકર રોગથી મૃત્યુ પામ્યા છે છતાં આ કામદારોને કોઈ લાભ મળેલ નથી.

ઉપરાંત પાલિકા દ્વારા કાયમી ભરતી અંગે જાહેરાત આપી હતી. જેને લઈ આ કામદારોએ અરજી કરી હતી પરંતુ જાહેરાત સ્થગિત કરી હતી પછી બીજીવાર જાહેરાત કરી હતી પણ કામદારોને એવુ કે પહેલા અરજી કરેલી છે એટલે બીજીવાર કરવાની નથી. તેવી સમજી બીજીવાર અરજી કરી ન હતી. છતાં આજદિન સુધી કોઈ ન્યાય મળેલ નથી.